આજનો સુવિચાર
મૌનથી એવી મહેનત કરો કે સફળતા તમારો અવાજ ઉઠાવે.

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૧ જૂનાગઢ તા.૦૪-૦૫-૨૦૨૪ શનિવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 121, Junagadh : Date : 04 May, 2024, Saturday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

### આવતીકાલે સાંજે જાહેર પ્રચાર પડઘમ શાંત થઈ જશે : કાઉન્ટ ડાઉન શરૂ

# ગુજરાતની ૨૫ બેઠકો પર મંગળવારે મતદાન - હીટવેવની અસર થવાની આશંકા



ગાંધીનગર તા. ૪

લોકસભા ચૂંટણીના ત્રીજા તબકકામાં તા.૭ મે મંગળવારે યોજાનારી ગુજરાતની ૨૫ બેઠક પર જાહેર પ્રચાર આવતીકાલે સાંજે શાંત થઈ જશે ત્યારે હવે ભારે ગરમી વચ્ચે મંગળવારનું મતદાન એ ભાજપ માટે તમામ ૨૬ બેઠકો જીતવાની હેટ્રીકનું સર્જન કરશે કે રાજયમાં એક દસકા બાદ કોંગ્રેસ લોકસભામાં ખાતુ ખોલાવવા માટે નસીબદાર નીવડશે તેના પર સંબંધિત તમામની નજર છે.

જોકે હવામાન વિભાગે આ સપ્તાહના અંતથી ભારે હિટવેવની આગાહી કરી છે અને હાલના દિવસોમાં જે રીતે સુર્યના આકરા તાપથી બપોરના સમયે માર્ગો પર અઘોષીત કર્ફ્યુ જેવી સ્થિતિ સર્જાય જાય છે તે જોતા મંગળવારે મતદાનના સમયે રાજયના મોટા ભાગના વિસ્તારોમાં ઉષ્ણતામાનનો પારો ૩૫થી ૪૩ ડિગ્રી વચ્ચે રહેવાની આગાહી છે અને તેથી છેલ્લા બે તબકકામાં જે રીતે દેશમાં મતદાન પર અસર થઈ છે તેવી જ અસર હવે ગુજરાતમાં પણ થશે તેવા સંકેત છે અને તેથી દરેક બેઠક પર હારજીતના માર્જીનમાં પણ અસર થવાની શકયતા છે.

ભાજપ હવે પાંચ લાખની સરસાઈને એક બાજુ મુકીને અનેક બેઠકો પર પક્ષના ઉમેદવાર જીતી જાય એટલે ગંગા ન્હાયા જેવી માનસિકતા વચ્ચે વધુને વધુ મતદાન થાય તે માટે કાર્યકર્તાઓને બુસ્ટર ડોઝ આપી રહ્યો છે અને તે કેટલો સફળ નિવડશે તે પણ પ્રશ્ન છે.

ગુજરાતમાં આ ચૂંટણીના પ્રારંભે ભાજપે સરસાઈ બનાવી દીધી હોય તેવા સંકેત હતા પરંતુ જેમ જેમ પ્રચારનો પ્રારંભ થયો તેમ ખાસ કરીને ભાજપના આંતરીક અસંતોષના કારણે વડોદરા અને સાબરકાંઠામાં ભાજપે ઉમેદવાર બદલવા પડયા તે પછી ક્ષત્રિય આંદોલન કે રાજકોટથી ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલાના વિવાદી વિધાનોથી છેડાયું તે હવે ગુજરાતભરમાં અનેક મહત્વપૂર્ણ બેઠક સુધી પહોંચી ગયું છે અને તેની અસર પણ ચૂંટણી મેદાન પર દેખાવા લાગી છે. પ્રથમ વખત ગુજરાતમાં પ્રચાર સમયે કોઈ સમુદાયે ભાજપની સભાઓ કે કાર્યાલયના પ્રારંભમાં વિઘ્ન સર્જયુ હોય અને કાર્યક્રમ કે સંપર્ક મુલત્વી રાખવા પડયા હોય તેવું ત્રણ દસકામાં પ્રથમ વખત બન્યું છે જોકે ક્ષત્રિય સમાજે પ્રારંભમાં તેમનો વિરોધ પરસોતમ રૂપાલા પુરતો મર્યાદિત રાખ્યો અને ભાજપે બાદમાં ઉમેદવાર બદલવાની માંગણી નહી સ્વીકારતા ગુજરાતભરમાં જે રીતે ફેલાઈ ગયો તે પછી પણ આ સમુદાયે જે રીતે શાંત છતાં પણ જબરા અન્ડરકરંટ જેવો વિરોધ કર્યો છે તે સૌથી નોંધપાત્ર ઘટના છે.

## ૧૪મેનાં વડાપ્રધાન મોદી વારાણસીથી ઉમેદવારી નોંધાવશે

વારાણસી, તા.૪: વડાપ્રધાન નરેન્દ્ર મોદી તા.૧૪ મેના રોજ વારાણસી લોકસભા સીટ પરથી ઉમેદવારી નોંધાવશે. આ પહેલા ૧૩ મેના રોજ તેઓ વારાણસીમાં રોડ શો કરશે. વારાણસી લોકસભા સીટ માટે ૧ જૂન ૨૦૨૪ના રોજ મતદાન થશે. પીએમ મોદી ૧૩ મેના રોજ બપોરે વારાણસી પહોંચશે. તેઓ કાશીમાં લંકા ચોક પર મદન મોહન માલવીયની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ રોડ શો કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર વડાપ્રધાન મોદીનો રોડ શો લગભગ ૪ કિલોમીટર લાંબો હશે.

## પંજાબમાં ખેડૂતોનું રેલ રોકો આંદોલન

પટીયાલા તા. ૪

પટિયાલાની શંભુ બોર્ડર પાસે ખેડૂતો દ્વારા ચાલી રહેલા રેલ રોકો આંદોલનને કારણે મુસાફરોની મુશ્કેલીમાં વધુ વધારો થયો છે. હવે રેલવેએ ત્રણ દિવસ માટે ૪૬ ટ્રેનો રદ કરી છે, જ્યારે ૧૦૦ ટ્રેનોના રૂટમાં ફેરફાર કર્યો છે. ફિરોઝપુર ડિવિઝનના ડીઆરએમ સંજય સાહુએ જણાવ્યું હતું કે આ હડતાળને કારણે રેલ ટ્રાફિક પર ખરાબ અસર પડી રહી છે અને ટિકિટ રિફંડ દરરોજ વધી રહ્યા છે.

## ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન કાળા વાવટા દેખાડવા પરનો પ્રતિબંધ યોગ્ય : ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ તા. ૪

ગુજરાતમાં ક્ષત્રિય આંદોલનની અસર જોયા બાદ રાજય સરકારે કલમ ૧૪૪ના અમલમાં રાજકીય રેલીઓ કે ઉમેદવારો અથવા સભાઓમાં ક્ષત્રિય સમાજનો જે વિરોધ દેખાતો હતો તેને ડામવા માટે કાળા વાવટા દેખાડવા સહિતના પ્રતિબંધાત્મક આદેશો અમલી બનાવ્યા અને તેની સામે હાઈકોર્ટમાં થયેલી રીટને ફગાવીને હાઈકોર્ટે પણ ચૂંટણીમાં શાંતિ જળવાય રહે તે માટે કાળા વાવટાના પ્રતિબંધને યોગ્ય ગણાવ્યો છે. તા.૧૬ એપ્રિલના રોજ અમદાવાદના પોલીસ કમિશ્નરે જાહેરનામું બહાર પાડીને પૂર્વ મંજુરી વગર પાંચથી વધુ લોકો એકત્ર થવું ઉપરાંત વિરોધ પ્રદર્શનમાં કાળા વાવટા દેખાડવા પર પ્રતિબંધ મુકયો હતો. જોકે આ પ્રતિબંધ ફકત અમદાવાદમાં પોલીસ કમિશનર વિસ્તારને લાગુ પડતો હતો. માનવામાં આવતુ હતું કે અન્ય મહાનગરો અને જિલ્લામાં આ પ્રતિબંધ મુકાશે પરંતુ તેમ નહીં કરીને સરકારે મોટી અથડામણ ટાળી હતી. રાજકોટમાં ભાજપના ઉમેદવાર પરસોતમ રૂપાલા સામેના વિરોધમાં કાળા વાવટાએ સૌથી વધુ ફરકવા લાગ્યા હતા. જોકે અમદાવાદ પોલીસ કમિશ્નરના આ પ્રતિબંધને કરણી સેનાના અર્જુનસિંહ ગોહિલે હાઈકોર્ટમાં પડકારીને ચૂંટણી સમયે શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન એ મુળભુત અધિકાર હોવાનું જણાવીને પોલીસ કમિશ્નરના જાહેરનામાને રદ કરવાની માંગણી કરી હતી.

રાજય સરકારે તેમાં દલીલ કરતા કહ્યું કે ચૂંટણી પ્રક્રિયા સમયે શાંતિ જળવાઈ રહે ઉમેદવારો પોતાનો પ્રચાર યોગ્ય રીતે કરી શકે અને મતદારો પણ ભય વગર ચૂંટણી પ્રક્રિયામાં સામેલ થઈ શકે તે માટે કાળા વાવટા દેખાડવા કે પ્લે કાર્ડ કે બેનર પ્રદર્શિત કરવા પરનો પ્રતિબંધ યોગ્ય છે.

## બિહારમાં અપક્ષ ઉમેદવાર ગધેડા પર બેસીને ફોર્મ ભરવા પહોંચ્યા

નવી દિલ્હી, તા.૪: લોકસભા ચૂંટણી માટે તમામ પક્ષોના ઉમેદવારો દ્વારા નામાંકન ભરવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, બિહારના ગોપાલગંજ જિલ્લામાંથી એક વિચિત્ર ઘટના સામે આવી છે જ્યાં એક અપક્ષ ઉમેદવાર ગધેડા પર સવાર થઈને જિલ્લા મેજિસ્ટ્રેટ કમ ચૂંટણી અધિકારીની ઑફિસમાં નોમિનેશન દાખલ કરવા પહોંચ્યો હતો. ગોપાલગંજ લોકસભા મતવિસ્તારથી અપક્ષ ઉમેદવાર સત્યેન્દ્ર બૈથા નામાંકન ભરવા માટે ગધેડા પર સવાર થઈને ચૂંટણી કાર્યાલય પહોંચ્યા હતા.

## ખાલિસ્તાની આતંકવાદી નિજ્જરની હત્યામાં કેનેડીયન પોલીસે ભારતીય મુળનાં ત્રણ વ્યકિતની ધરપકડ કરી : લોરેન્સ બિશ્નોઈ ગેંગનું કનેકશન



ટોરન્ટો, તા. ૪

કેનેડામાં ખાલિસ્તાન સમર્થક આતંકી હરદિપસિંહ નિજ્જરની ગત વર્ષે થયેલી હત્યા અંગે ભારત અને કેનેડા વચ્ચે લાંબા સમયથી સર્જાયેલા રાજદ્વારી તનાવમાં હવે નવો વળાંક આવ્યો છે અને કેનેડીયન પોલીસે આ હત્યા સંદર્ભમાં ત્રણ ભારતીયોની ધરપકડ કરી છે અને આ હત્યા સાથે કુખ્યાત લોરેન્સ બિશ્નોઈ ગેંગનું કનેકશન હોવાનો ધડાકો કર્યો છે. જે વ્યકિતઓની ધરપકડ થઈ છે તેમાં કરનપ્રિત સિંહ, કમલપ્રિત સિંહ અને કરન બ્રાડ તરીકે કરવામાં આવી છે. આ તમામ પંજાબ અને હરિયાણાના નાગરિકો છે તેવો દાવો કેનેડાના પોલીસે કર્યો છે. અગાઉ કેનેડાએ નિજ્જરની હત્યા માટે ભારત સરકારના એજન્ટોને જવાબદાર ગણાવ્યા હતા અને આ મુદે ભારત પર ગંભીર આરોપ મુકયો હતો.

જોકે નવી દિલ્હીએ આ અંગેના પુરાવા આપવા જણાવ્યું હતું. પરંતુ લાંબા સમય સુધી પુરાવા કે ધરપકડથી દુર રહ્યા બાદ કેનેડીયન પોલીસે હવે બિશ્નોઈ ગેંગ સાથે કનેકશન ધરાવતા ત્રણ ભારતીયોને ઝડપીને સમગ્ર મામલાને એક નવો વળાંક આપ્યો છે. ઓટાવામાં કેનેડીયન પોલીસે કહેવાતા હત્યારાઓની તસ્વીર પણ રીલીઝ કરી છે.

હત્યા માટે જે કારનો ઉપયોગ કર્યો તે પણ ઝડપી લેવામાં આવી છે. ભારતે ૨૦૨૦માં નિજ્જરને આતંકી જાહેર કર્યા બાદ તે કેનેડામાં વસ્યો હતો અને જુન ૨૦૨૩માં કેનેડાના સરે પાસે એક ગુરૂદ્વારા નજીક હુમલાખોરોએ નિજ્જરને ગોળીઓ મારીને ઠાર માર્યો હતો. કેનેડિયન મીડિયાનો દાવો છે કે આરોપી ૨૦૨૧માં આ લોકો કેનેડા પહોંચી ગયેલ, તેમાંથી કેટલાક પાસે સ્ટુડન્ટ વિઝા હતા, પરંતુ તેઓ કેનેડામાં અભ્યાસ કરતા ન હતા.

## ઈફકોની ચૂંટણીમાં ભાજપ V/s ભાજપ

રાજકોટ તા.૪

ગુજરાતમાં લોકસભાની ચૂંટણીના પરાકાષ્ટાએ પહોંચેલા પ્રચાર વચ્ચે સહકારી ક્ષેત્રની ટોચની સંસ્થા 'ઈફકો'ની ચુંટણીના ઢોલ વાગી રહ્યા છે અને ગુજરાતની એક બેઠક પર ભાજપ વિરુદ્ધ ભાજપનું ચિત્ર સ્પષ્ટ થતા પાર્ટીમાં જ ઘેરા પ્રત્યાઘાતો પડી રહયા છે. સહકારી ક્ષેત્રની આ લડાઈના રાજકીય ચૂંટણીમાં પ્રત્યાઘાતો પડવા વિશે પણ આશંકા વ્યક્ત થવા લાગી છે.

ઈફકોની ચૂંટણી ૯ મે ના રોજ યોજાવાની છે. ડાયરેકટર બોર્ડમાં ગુજરાતની એક બેઠક છે તેમાં ભાજપના જ ત્રણ નેતાઓએ ઝુકાવ્યું છે. રાજકોટ-સૌરાષ્ટ્રના સહકારી નેતા જયેશ રાદડીયા ઉપરાંત અમદાવાદના બીપીનભાઈ પટેલ (ગોતા) તથા મોડાસાના પંકજ પટેલ ચૂંટણી જંગમાં છે. માણાવદરના એક આગેવાને પણ ફોર્મ ભર્યુ હતું. પરંતુ તેઓએ ગઈકાલે ઉમેદવારી પાછી ખેંચવાના છેલ્લા દિવસે પાછુ ખેંચી લીધુ હતું. બાકીના ત્રણેય આગેવાનોએ ઉમેદવારી ચાલુ રાખવા ભાજપમાં જ પ્રત્યાઘાતો શરૂ થયા હોવાની ચર્ચા છે.

ઈફકોના બોર્ડમાં ગુજરાતની બેઠક પરથી છેલ્લી બે ટર્મથી જયેશ રાદડીયા જ ચુંટાતા રહ્યા હતા. આ વખતે ભાજપ દ્વારા બીપીનભાઈ પટેલ (ગોતા)ના નામનો મેન્ડેટ જારી કરવામાં આવ્યો છે તેને કારણે ભાજપમાં આંતરિક તર્કવિતર્કો છે. બીપીન ગોતાના નામનો મેન્ડેટ હોવા છતાં જયેશ રાદડીયા કે પંકજ પટેલે ફોર્મ પાછા ખેંચ્યા ન હોવાથી હવે કેવી પરીસ્થિતિ સર્જાય છે તેના પર મીટ માંડવામાં આવી રહી છે.

## વોટ્સએપએ ભારતમાં ૮ કરોડ એકાઉન્ટ પર પ્રતિબંધ મુકયો

નવી દિલ્હી, તા.૪: વિશ્વના ચોથા સૌથી શ્રીમંત ઉદ્યોગપતિ માર્ક ઝુકરબર્ગની કંપની વોટ્સએપે ૯૧થી શરૂ થયેલા આઠ કરોડથી વધુ મોબાઈલ નંબરને વોટ્સએપના વાપરવામાંથી પ્રતિબંધ મૂકી દીધો હતો. કંપનીએ એક પોસ્ટમાં જણાવ્યું હતું કે કંપનીએ એક જાન્યુઆરીથી માંડીને ૩૧ માર્ચ, ૨૦૨૪ દરમ્યાન ૭,૯૫,૪,૦૦૦ એકાઉન્ટ પર પ્રતિબંધ મૂકી દીધો હતો. એમાં ૧,૪૩,૦૦૦ એકાઉન્ટને યુઝર્સના તરફથી કોઈ રિપોર્ટ મળ્યા પહેલાં સક્રિય રીતે પ્રતિબંધ મૂકી દીધો હતો.

કંપનીએ આ પહેલાં જાન્યુઆરીથી નવેમ્બર, ૨૦૨૩ સુધી સાત કરોડથી વધુ મોબાઈલ નંબરો પર વોટ્સએપ પર પ્રતિબંધ મૂક્યો હતો. જાન્યુઆરી, ૨૦૨૪માં જારી કરેલા રિપોર્ટમાં જણાવ્યું હતું કે વોટ્સએપે પહેલી જાન્યુઆરી, ૨૦૨૩થી માંડીને ૩૧ નવેમ્બર, ૨૦૨૩ સુધી કુલ ૬૯,૩૦૭,૨૫૪ અકાઉન્ટ પર પ્રતિબંધ મૂક્યો હતો.

## ૧૪ જૂન સુધી આધારકાર્ડ વિનામૂલ્યે અપડેટ કરાવી શકાશે

નવી દિલ્હી તા. ૪

આધાર કાર્ડ તમામ ભારતીયો માટે એક મહત્વપૂર્ણ દસ્તાવેજ છે. તેનો ઉપયોગ સરકારી યોજનાઓના લાભો આપવાથી લઈને ઓળખ સુધીની દરેક બાબતમાં થાય છે. આવી સ્થિતિમાં, આધારમાં નામ, સરનામું, બાયોમેટ્રિક ડેટા અને અન્ય માહિતી અપડેટ રાખવી મહત્વપૂર્ણ છે. આવી સ્થિતિમાં, જો તમે તમારી આધાર વિગતો વિનામૂલ્યે અપડેટ કરવા માંગો છો, તો તમારી પાસે ૧૪ જૂન સુધી આ તક છે.

# જૂનાગઢ સિવીલ હોસ્પીટલનાં ઈતિહાસમાં પ્રથમ અંગદાન

## જૂનાગઢ મનપાનાં બ્રેઈનડેડ મહિલા કર્મચારીનાં અંગોનું દાન કરાયું : ૬ લોકોને નવજીવન મળશે

(એસ.આઈ.બુખારી)

જૂનાગઢ તા. ૪

જૂનાગઢનાં ઈતિહાસમાં સિવીલ હોસ્પીટલ મારફત અંગ દાનની પ્રથમ ઘટના બની છે. જેમાં આજે જૂનાગઢ મહાનગરપાલિકાનાં બ્રેઈન ડેડ જાહેર થયેલા મહિલા કર્મચારીનાં અંગોનું દાન કરવામાં આવતાં જૂનાગઢથી અમદાવાદ સુધીનાં ગ્રીન કોરીડોર બનાવીને જૂનાગઢ સિવીલ હોસ્પીટલથી અમદાવાદની સીમ્સ હોસ્પીટલ સુધી અંગો પહોંચાડવામાં આવ્યા હતાં. જૂનાગઢ સિવીલ હોસ્પીટલનાં મેડીકલ સુપ્રિન્ટેન્ડન્ટ કૃતાર્થ બ્રહ્મભટ્ટની દેખરેખ નીચે સમગ્ર કાર્યવાહી સફળતાપૂર્વક કરવામાં આવી હતી.


આ અંગેની પ્રાપ્ત વિગત મુજબ જૂનાગઢ મહાનગરપાલિકાનાં કર્મચારી ઉર્મિલાબેન ઝાલા (ઉ.વ. ૫૭)ને હાઈબીપી સહીતની તકલીફ હોય સારવાર હેઠળ હતાં. જેમાં મગજની નસ ફાટી જવાને કારણે બ્રેઈન ડેડ થયા હતાં. ત્યારબાદ જૂનાગઢ સિવીલ હોસ્પીટલની બ્રેઈન ડેડ ડીકલેરેશન કમીટી દ્વારા ઉર્મિલાબેનને સત્તાવાર રીતે બ્રેઈન ડેડ ડીકલેર કરવામાં આવ્યા હતાં. સ્વ. ઉર્મિલાબેનનાં કુટુંબીજનોએ અંગદાન કરવાની ઈચ્છા વ્યકત કરતાં આ અંગેની ગુજરાત સરકારની SOTTO (સ્ટેટ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ ઓર્ગેનાઈઝેશન) પોર્ટલ પર અંગદાન અંગેની માહિતી અપલોડ કરવામાં આવી હતી. ત્યાંથી મંજુરી આવી જતાં અમદાવાદ સ્થિત નિષ્ણાંત ડોકટરોની ટીમ આવી હતી અને સ્વ. ઉર્મિલાબેનનાં લીવર, કીડની, આંખની કીકી સહીતનાં અંગોનું દાન સ્વીકારવામાં આવ્યું હતું. ત્યારબાદ જૂનાગઢથી અમદાવાદ સુધી ગ્રીન કોરીડોર બનાવીને આ અંગોને અમદાવાદ સીમ્સ હોસ્પીટલમાં પહોંચાડવામાં આવ્યા હતાં. આ અંગે જૂનાગઢ સિવીલ હોસ્પીટલનાં સુપ્રિટેન્ડેટ કૃતાર્થ બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું કે "જૂનાગઢ સિવીલ હોસ્પીટલ મારફત થયેલું આ પ્રથમ અંગદાન છે, જેનાથી ઓછામાં ઓછા ૬ લોકોને નવું જીવન મળશે. અંગદાનની આવકાર્ય પ્રવૃતિથી લોકોને નવુ જીવન પ્રાપ્ત થાય છે જે વર્તમાન સમયની અનીવાર્ય જરૂરીયાત છે. લોકો અંગદાનનું મહત્વ સમજી રહયા છે અને તેમાં વધુને વધુ જાગૃતિ આવી રહી છે તે ખુબ જ આવકાર્ય છે" તેમ ડો. બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું. જૂનાગઢથી અમદાવાદ સુધીનાં ગ્રીન કોરીડોરમાં જૂનાગઢ-અમદાવાદ હાઈવે પર જૂનાગઢ, રાજકોટ, સુરેન્દ્રનગર અને અમદાવાદ પોલીસનાં સહયોગથી ગ્રીન કોરીડોર બનાવવામાં આવ્યો હતો જેમાં અંગદાન લઈ જતાં વાહનને સળંગ પાસ-થ્રુ આપવામાં આવે છે જે શકય બન્યું હતું. પોલીસ તંત્રની કામગીરી પણ ખુબ જ પ્રસંશનીય રહી હતી.

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડો. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત




વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન




ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA, HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

કારકિર્દી માર્ગદર્શન સેમિનાર ધોરણ 10 અને 12
SCIENCE A B B GROUP | COMMERCE | ARTS પછી શું ?
SILVER OAK UNIVERSITY
EDUCATION TO INNOVATION
આપના શહેર જુનાગઢમાં
લીલા બિઝોટેલ, પ્રેસિડેન્ટ હોલ, રેલ્વે સ્ટેશન રોડ, જુનાગઢ
આપના શહેર અમરેલીમાં
હોટેલ એન્જલ, ભગવતી ચોક, સ્ટેશન રોડ, સુદર્શન આંખની હોસ્પિટલ સામે, માણેકપરા, અમરેલી
079 66046300
079 35201300
90990 63464
સવારે 9થી 1
05/05/2024, રવિવાર
SILVER OAK UNIVERSITY, OPP. BHAGWAT VIDHYAPITH, S.G.ROAD - AHMEDABAD
વિદ્યાર્થીઓ તથા વાલીઓને મૂંઝવતા વિવિધ મુદ્દા જેમકે
કોલેજની પસંદગી કેવી રીતે કરવી ?
કયા ક્ષેત્રમાં ભાવિ ઉજ્જવળ બનાવવાની વિપુલ તકો છે?
કયા ક્ષેત્રમાં કેટલું જોબ પ્લેસમેન્ટ મળે છે?
અને અન્ય ઘણાં મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવશે.
Silver Oak University

Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



# ભારતીય હવામાન વિભાગની મૌસમ, દામિની, મેઘદૂત અને પબ્લિક ઓબ્ઝર્વેશન એપ્સ દ્વારા લોકોને દરેક ઋતુની આગોતરી જાણકારી-ચેતવણીઓ હવે આંગળીના ટેરવે મળશે



રાજકોટ તા.૪

ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી વાવાઝોડું, વીજળી, હીટવેવ, માવઠા વિશે જાણકારી સાથે બચવાના ઉપાયો પણ મળશે આપના મોબાઈલ પર

હાલ ગરમીનો પારો ખૂબ ઉંચો જઈ રહ્યો છે. અનેક વિસ્તારોમાં લોકો હીટ વેવનો માર સહન કરી રહ્યા છે. ત્યારે આ હીટ વેવની આગાહી હોય કે કમોસમી વરસાદ હોય, ચોમાસાની ઋતુની એકંદર સ્થિતિ હોય કે શિયાળાના પવનોની સ્થિતિ દરેક ઋતુ વિશે આપણને ભારતીય હવામાન વિભાગ દ્વારા આગોતરી જાણ કરવામાં આવે છે. અતિવૃષ્ટિ હોય કે અતિ ગરમીના સમયમાં સ્થિતિ અનુસાર આગોતરા પગલાં લેવા આપણને હંમેશા સાવચેત કરવામાં આવે છે.

હવે બદલાતા જતા ઋતુચક્ર વિશે ભારતીય હવામાન વિભાગ **(IMD)** દ્વારા દરેક નાગરિકને પોતાના મોબાઈલ ફોન પર જ આંગળીના ટેરવે પોતાના શહેર/ગામ સહિતના વિસ્તારોના હવામાનની તમામ માહિતી મળી રહે તે માટે વિશિષ્ટ ફીચર સાથે તદ્દન ભારતીય એવી ૪ એપ્લિકેશન વિકસાવવામાં આવેલી છે. આ એપ્લિકેશનમાં પ્રથમ છે, મૌસમ એપ્લિકેશન.

૧) મૌસમ એપ્લિકેશન : હવામાનની આગાહી અને ચેતવણી સેવાઓના પ્રસારમાં સુધારણા માટે મોબાઈલ એપ "મૌસમ" લોન્ચ કરવામાં આવી છે. વપરાશકર્તાઓ અવલોકન કરેલ હવામાન, આગાહીઓ, રડાર છબીઓને ઍક્સેસ કરી શકે છે અને આગામી હવામાનની ઘટનાઓ વિશે સક્રિયપણે ચેતવણી મેળવી શકે છે. મૌસમ મોબાઈલ એપ્લિકેશનમાં ૨૦૦ શહેરો માટે વર્તમાન તાપમાન, ભેજ, પવનની ગતિ અને દિશા દિવસમાં ૮ વખત અપડેટ કરવામાં આવે છે. સૂર્યોદય/સૂર્યાસ્ત અને ચંદ્રોદય વિશેની માહિતી મૂનસેટ પણ આપવામાં આવે છે. હવામાન વિભાગના રાજ્ય હવામાન કેન્દ્રો દ્વારા ભારતના આશરે ૮૦૦ સ્ટેશનો અને જિલ્લાઓ માટે સ્થાનિક હવામાનની ઘટનાઓ અને તેમની તીવ્રતાની ત્રણ કલાકની ચેતવણીઓ જારી કરવામાં આવે છે. ગંભીર હવામાનના કિસ્સામાં, તેની અસર પણ ચેતવણીમાં સામેલ હોય છે. ભારતના ૪૫૦ શહેરોની છેલ્લા ૨૪ કલાક અને ૭-દિવસના હવામાનની સ્થિતિઓની સચોટ આગાહી પણ કરવામાં આવે છે. આ એપ્લિકેશન જોખમી હવામાન વિશે નાગરિકોને ચેતવણી આપવા માટે આગામી પાંચ દિવસ અંગેની આગાહી જાહેર કરી, કલર કોડ (લાલ, નારંગી અને પીળો)માં તમામ જિલ્લાઓ માટે દિવસમાં બે વખત ચેતવણીઓ જાહેર કરે છે. જેમાં "લાલ" કલર કોડએ સૌથી ગંભીર કેટેગરી છે જે અધિકારીઓને પગલાં લેવા વિનંતી કરે છે, ઓરેન્જ કોડ સત્તાવાળાઓ અને લોકોને સતર્ક રહેવા માટે કહે છે અને યલો કોડ સત્તાવાળાઓ અને લોકોને પોતાને અપડેટ રાખવા માટે કહે છે.

૨) દામિની એપ : **ESSO-IITM** દ્વારા મોબાઈલ એપ **DAMINI-LIGHTNING** વિકસાવવામાં આવી છે. આ એપ વર્તમાન વીજળી પડવાનું ચોક્કસ સ્થાન, ૪૦ ચો.કિ.મી.ના વિસ્તારની આસપાસ તોળાઈ રહેલી વીજળીના સંભવિત સ્થાનો અને વાવાઝોડાની હિલચાલ અને દિશા વિશે વિગતો આપે છે. દામિની વીજળી દરમિયાન લેવાના સાવચેતીનાં પગલાંની પણ સૂચિ આપે છે અને વીજળી વિશે કેટલીક સામાન્ય માહિતી તથા ખરેખર તોળાઈ રહેલી વીજળીની પ્રવૃત્તિ વિશે અગાઉથી માહિતી મેળવવામાં મદદ કરે છે.

ચોમાસા દરમિયાન વીજળી પડવાની ઘટનાઓને લીધે અનેક લોકો ખાસ કરીને ખેડૂતો તેમજ તેમના પશુઓના જીવ જોખમમાં હોય છે ત્યારે આ એપ્લિકેશનના ઉપયોગ દ્વારા વીજળી નાટકવાની ખેતી વખતે તેનાથી બચીને સલામત સ્થળે પહોંચવામાં મદદ મળી રહે છે.

૩) મેઘદૂત એગ્રો એપ : ભારતીય કૃષિ હવામાન આધારિત છે ત્યારે મેઘદૂત એગ્રો એપ્લિકેશન દ્વારા ખેડૂતોને દર મંગળવાર અને શુક્રવારે ભૂતકાળ અને હવામાનની આગાહીના વિશ્લેષણના આધારે પાક અને પશુધન વ્યવસ્થાપન અંગે જિલ્લાવાર સલાહ આપવામાં આવે છે. તે ખેડૂતોને પાકની વાવણી, જંતુનાશક અને ખાતરનો ઉપયોગ, સિંચાઈના સમયપત્રક અને પ્રાણીઓના રસીકરણ જેવા હવામાન-સંવેદનશીલ નિર્ણયો લેવામાં મદદ કરશે.


પાક સલાહકાર ઉપરાંત, એપ્લિકેશન વર્તમાન હવામાનની માહિતી, વરસાદ, તાપમાન, ભેજને લગતા પાંચ દિવસના ભૂતકાળ અને આગાહી પણ પ્રદાન કરે છે. પવનની ગતિ અને દિશા કૃષિ કામગીરીમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે તે જાણવામાં આ એપ ખૂબ ઉપયોગી બને છે.

૪) પબ્લિક ઓબ્ઝર્વેશન એપ : આ એપ્લિકેશન વપરાશકર્તાઓને સ્થાન મુજબ હવામાનની માહિતી પ્રદાન કરે છે. યૂઝર્સ આ એપ પર ઝડપી અને અદ્યતન એમ બે મોડ દ્વારા ફીડબેક પણ આપી શકે છે.

આ તમામ મોબાઈલ એપ પ્લેસ્ટોર અને એપસ્ટોર બંને પર ઉપલબ્ધ છે. મોબાઈલ એપ્લિકેશન્સ આકર્ષક અને વપરાશકર્તા માટે સરળ છે. હવામાન માહિતી અને ચેતવણીઓના પ્રસાર માટે આ એપ્સ મહત્વપૂર્ણ સાધન છે ત્યારે ઝડપથી બદલાતા વૈશ્વિક હવામાનમાં ભારતીય નાગરિક પોતાની જરૂરિયાતો અને સાવચેતીઓને સમજી શકે તે માટે આ એપ્લિકેશન ખૂબ આવશ્યક અને ઉપયોગી છે.

ખાસ લેખ: ડો. દિવ્યા ત્રિવેદી

# મહેસાણામાં શ્રીહનુમાન ચાલીસા યુવા કથાના બીજા દિવસે શ્રીહરિપ્રકાશદાસ સ્વામીએ સમજાવ્યું કે, ભગવાને આપણને પૃથ્વી પર કેમ મોકલ્યા છે



(પ્રતિનિધી દ્વારા)

સાળંગપુર તા.૪

મહેસાણાના વિજાપુરમાં સાંકાપુરા ખાતે વડતાલ ધામ સંચાલિત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરના શાસ્ત્રી સ્વામી શ્રીહરિપ્રકાશદાસ સ્વામીની શ્રીહનુમાન ચાલીસા યુવા કથાનું રસપાન કરાવી રહ્યા છે. આજે કથાના બીજા દિવસે હરિપ્રકાશ સ્વામી અને સંતોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પછી શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મહારાજની સમુહ આરતી ઉતારવામાં આવી હતી. જે બાદ હરિપ્રકાશ સ્વામીએ વ્યાસપીઠ પરથી હાજર ભક્તોને હનુમાન ચાલીસા યુવા કથાનું શ્રવણ કરાવવાનું શરૂ કર્યું હતું. જેમાં શ્રીહરિપ્રકાશદાસ સ્વામીએ સમજાવ્યું હતું કે, ભગવાને મનુષ્યને કયા કામ માટે મોકલ્યા છે.

શાસ્ત્રોમાં લખ્યું છે કે, ૮ અબજ અને ૬૪ કરોડ વર્ષ જ્યારે આપણાં થાય ત્યારે બ્રહ્માનો એક દિવસ થાય છે. આપણે જેમ ૩૦ દિવસનો મહિનો છે તેમ બ્રહ્માનો પણ ૩૦ દિવસનો મહિનો છે. જેમાં ૮ અબજ ૬૪ કરોડ વર્ષનો એક દિવસ છે. આપણે જેમ ૩૬૫ દિવસનું વર્ષ છે એમ બ્રહ્માનું પણ ૩૬૫ દિવસનું વર્ષ છે. જેમાં એક દિવસ ૮ અબજ અને ૬૪ કરોડ વર્ષનો એક દિવસ છે. આપણું જેમ કળિયુગમાં ૧૦૦ વર્ષનું આયુષ્ય છે તેમ બ્રહ્માનું પણ ૧૦૦ વર્ષનું આયુષ્ય છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, જ્યારે બ્રહ્મા પોતાનું ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂરું થાય અને એક બ્રહ્મા બદલાય ત્યારે આપણાં શરીરના આત્માને એક વખત માણસ બનવાનો વારો આવે છે.

ડોંગરેજી મહારાજ એવું કહે છે કે, માણસનો દેહ માત્રને માત્ર ભગવાનને મળવા માટે આપ્યો છે, પણ આપણે બીજુ-બીજું જ કરીએ. ઓલા ભલા ભાઈની તો વાત તમે સાંભળી હશે. જૂનો જમાનો. ગામડાની વાત છે. હટાણું કરવા જવાનું છે. દિવાળીનું ટાણું આવે છે ત્યારે ભલાભાઈએ જાહેરાત કરી કે હું શહેરમાં હટાણું કરવા જવાનો છું. ભલાભાઈ ભલા બહુ અને ભૂલકણા બહુ મારી જેમ. એટલે તેમના ઘરવાળાએ લિસ્ટ કરી દીધું કે, આ લાવજો તે લાવજો આમાંથી દીવાળીનું બધું બનાવવાનું છેને. ભલાભાઈ ગાડું જોડીને જવાની તૈયારી કરતા હતા ત્યારે આજુ બાજુના પાડોશી આવ્યા અને કહ્યું અમારું પણ લેતા આવજો. ૨૦થી ૨૫ બહેને આવીને કાગળિયું આપ્યું અને ભલાભાઈએ કોઈને ના પાડી નહીં.

આ પછી ભલાભાઈ હટાણું કરવા શહેરમાં ગયા. એક દુકાને ગાડું ઊભું રાખીને બધી વસ્તુ લીધી અને ગાડું ફુલ ભરાઈ ગયું. આ પછી ભલાભાઈ બળદ જોડીને હાલતા થયા અને ગામમાં સાંજે બધી બહેનો રાહ જોઈને ઊભી હતી. ભલાભાઈએ બધી બહેનોએ મંગાવેલી વસ્તુ આપી દીધી. આ પછી ભલાભાઈના ઘરનાએ તેમને ગાડું ઘરમાં લેવાનું કહ્યું ભલાભાઈએ કહ્યું કે, આ બધો સામાન લઈને આપી દવ છું. આ પછી ગાડું આખું ખાલી થઈ ગયું અને ભલાભાઈના ઘરનાએ પૂછ્યું કે, આપણી વસ્તુ ક્યાં કેમ લાવ્યા નહીં. તો આ વાત પરથી એ સમજવાનું છે કે, અનંત કોટી બ્રહ્માંડના ભગવાને આપણને અહીં પોતાનું કલ્યાણ કરવા મોકલ્યા છે. પૂજ્ય ડોંગરેજી મહારાજે કહ્યું છે કે, જે આત્મ કલ્યાણ કરતો નથી તેનાથી મોટો મૂર્ખ કોઈ નથી.

સાંકાપુરા ખાતે ૨જી મેથી રાતે ૮થી ૧૧ કલાક સુધી હનુમાન ચરિત્ર કથા યોજાઈ રહી છે. જેના આયોજક ધર્મેન્દ્રભાઈ તેમજ તેજેન્દ્રભાઈ ડાહ્યાભાઈ પટેલ પરિવાર છે.

# ઉનામાં નિકોન કેમેરાનો લાઈવ ડેમોસ્ટ્રેશન-વર્કશોપ યોજાયો

(નીરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૩

ઉનામાં નિકોન કેમેરા તથા ઉના ગીરગઢડા તાલુકા ફોટોગ્રાફર વિડીયોગ્રાફર એસોસીએશન (૨૧ વર્ષ જૂનું) દ્વારા નિકોન કેમેરા નો લાઈવ ડેમોસ્ટ્રેશન તથા વર્કશોપનું આયોજન નગરપાલિકા ટાઉનહોલ ખાતે કરવામાં આવેલ હતું, તેમાં નિકોન કંપનીના ગુજરાતના મેનેજર શ્રી રવિભાઈ તથા તેઓની ટીમ તેમજ ખ્યાતનામ મેટર શ્રી દિલીપભાઈ બારોટ એ ફોટોગ્રાફીની નવી ટેકનોલોજી વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે એસોસીએશનના પ્રમુખશ્રી નિલેશભાઈ ખોખર (નવરંગ કલર લેબ), દિલીપભાઈ મોનાલીસા તેમજ પરેશભાઈ પુરોહિત (નુપુર ફોટો ગુડ્સ), વિજયભાઈ જોશી (જય ડિજિટલ), સંજયભાઈ (આનંદ સ્ટુડિયો), પરેશભાઈ (જાનકી સ્ટુડિયો), મિલનભાઈ જોશી તેમજ એસોસિયન કમિટી ટીમ દ્વારા નિસ્વાર્થ ભાવે ખૂબ જ સરસ આયોજન તેમજ સ્વરૂચી ભોજન ની વ્યવસ્થા કરી ઉના પંથક માં ફોટોગ્રાફી વિશે નવી ટેકનોલોજી ની માહિતી આપી એ બદલ ખુબ ખુબ આભાર માન્યો હતો. આવા નિસ્વાર્થ કાર્યક્રમ અને લઈને ઉના પંથકમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

# ડો. સુભાષ મહિલા કોલેજના પ્રાધ્યાપક કૌશિકરાય પંડયાના પુસ્તકનું વિમોચન





જૂનાગઢ તા.૪

ડો. સુભાષ મહિલા કોલેજના પ્રાધ્યાપક કૌશિકરાય પંડયાના પુસ્તક 'ગંગા લહેરી'ના ભાવનુંવાદનો વિમોચન કાર્યક્રમ તા.૨૬-૦૪-૨૦૨૪ના રોજ રાજકોટમાં રાષ્ટ્રીય શાળા ખાતે યોજાયો હતો . ઈસ.૧૯૯૨ થી સુભાષ મહિલા કોલેજમાંગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયેલા કૌશિકરાય પંડ્યા કવિ ,વિવેચક અને લેખક છે. આ પૂર્વે એમના બે પુસ્તકો પ્રગટ થયા હતા.આ વિમોચન કાર્યક્રમના આરંભે કૌશિકભાઈ પંડ્યાના મિત્ર અને સમાજશાસ્ત્રી સ્વ.ડૉ. હરેશભાઈ ઝાલાને ભાવાંજલિ અર્પવામાં આવી હતી.ત્યાર બાદ જાણીતા ભજનમર્મજ્ઞ નિરંજન રાજ્યગુરુએ એમની આગવી વાણીમાં માં કંઠસ્થ પરંપરાનો પરિચય કરાવતી રચનાઓ ગાઈને સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ પ્રસંગે કાર્યક્રમમાં રાજકોટ શહેરમાંથી પધારેલા શિક્ષણ અને સાહિત્ય સાથે જોડાયેલા અનેક સર્જકો અને વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. લોકમર્મજ્ઞ નિરંજન રાજ્યગુરુ ઉપરાંત અભ્યાસુ સંશોધક ડૉ.દલપતભાઈ ચાવડા કવિશ્રી અમિત વ્યાસ, સનિષ્ઠ શિક્ષક અશોકભાઈ ત્રિવેદી કેળવણીકાર જીતુભાઈ ભટ્ટ, કલાનિષ્ઠ ફોટોગ્રાફર ઈશ્વરભાઈ વ્યાસ, શ્રી નગીનભાઈ દવે, કવિશ્રી દિનેશ કાનાણી અને શ્રી રાકેશ હાસલિયા ઉપરાંત રાધાકૃષ્ણ મિશન સાથે જોડાયેલા અનેક સેવાભાવી કાર્યકરો અને શહેરમાંથી પધારેલા સાહિત્યની રસિકોએ આ પ્રસંગને દીપાવ્યો હતો. ગંગા લહરી પુસ્તકના વિમોચન પ્રસંગે પોતાનો પ્રતિભાવ આપતા શ્રી કૌશિકરાય પંડ્યાએ જણાવ્યું હતું કે ફેસબુક પર કવિ જગન્નાથ રચિત ગ્રંથનો ભાવાનુંવાદ ક્રમશઃ પ્રગટ થયો ત્યારે લોકોએ જે રીતે એમને પ્રોત્સાહિત કર્યો એ જોઈને આ અનુવાદ પ્રગટ કરવાની ઈચ્છા થઈ . એમણે આ પુસ્તકને પોતાનું અનુસર્જન ગણાવીને એમના મુક્ત અનુવાદો ને માટે જ નવો આયામ અખત્યાર કર્યો છે એની સ્વીકૃતિ માટે પોતાની ઝંખના વ્યક્ત કરી હતી.


સંસ્થાના આચાર્યશ્રી બલરામ ચાવડા અને સંસ્થાના વડાશ્રી જવાહરભાઈ ચાવડાએ કૌશિકભાઈ પંડ્યાને શુભેચ્છા પાઠવી હતી અને સર્જનાત્મક લેખન માટે પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમની આભાર વિધિ અસ્મિતાબેન ઝાલાએ કરી હતી કાર્યક્રમના અંતે ભાવ ગીતો ગાઈને કાર્યક્રમ સમાપન કર્યું હતું.


પ્લોટ વેચાવ છે
૨૧૨ વાર જગ્યા કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૯૨ ૨૪૦૯૪

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો


ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્રી નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે.
તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
વિજય ઘીં ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સ્વાદનો ચટકો !
અમારે ત્યાંથી
● પાણીપુરી ● ભેળ ● સમોસા રગડો
● મસાલાપુરી ● દાબેલી ● રગડા પેટીસ
● દહીપુરી ● દિલ્હી ચાટ ● બાસ્કેટ ચાટ
● સેવપુરી ● લસણીયા બટેટા
તેમજ ફરાળી વાનગી, દહીંવડા, ફરાળી ભેળ, રસ ચેવડો, દહીં ચેવડો વગેરે આઈટમો મળશે
:: ખાસ નોંધ ::
લગ્ન પ્રસંગે, પાર્ટી પ્રસંગે તેમજ અન્ય પ્રસંગોએ બહારના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવશે.
જલારામ પાણીપુરી
પંચહાટડી ચોક, શ્રીરામ મંદિરની બાજુમાં, જૂનાગઢ.
જગદીશભાઈ સોઢા : મો. ૯૬૮૭૫ ૫૭૬૨૧

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ

જલજીવન આઈસ્ક્રીમ
અંદર બેસવાની સુંદર વ્યવસ્થા
ક્રીમ લચ્છી સન્ડે આઈસ્કીમ ક્રિમ મિલ્ક સેઈક
શિખંડ - બાસુંદી - દહીંવડા
કાળવા ચાર રસ્તા કોર્નર, જુનાગઢ.

વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

# ગીરના માલધારીઓ મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બનવા ઉત્સાહિત

## લીલાપાણી, સુવરડીનેસ અને ગોરડવાળા નેસના ૧૨૧ મતદારો કનકાઈ મતદાન મથક ખાતે કરશે મતદાન





જૂનાગઢ, તા.૪

ગીર જંગલની મધ્યમાં આવેલ લીલાપાણી, સુવરડીનેસ અને ગોરડવાળા નેસના માલધારીઓ તા.૭મી મે એ મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી થવા ઉત્સુક બન્યા છે. આ ત્રણેય નેસમાં આશરે ૪૦૦ જેટલા માલધારીઓ વસવાટ કરી રહ્યા છે અને તેના કુલ ૧૨૧ મતદારો માટે કનકાઈ ખાતે ચૂંટણી તંત્ર દ્વારા મતદાન મથક ઊભું કરવામાં આવે છે.

જૂનાગઢથી આશરે ૭૦ કિલોમીટર દૂર, પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર, અડાબીડજંગલ અને ગીર કેસરીની ડણકો સંભળાય છે, તેવા કનકાઈ માતાજીના મંદિર નજીક વન વિભાગની કનકાઈ રાઉન્ડ કચેરી ખાતે મતદાન મથક ખાતે માલધારીઓએ સહ પરિવાર મતદાન કરશે.

સુવરડી નેસના કલાકાર અને માલધારી જીવણભાઈ ટાપરિયાએ પોતાની આગવી શૈલીમાં દુહા લલકારી તા.૭ મી મે એ મતદાન કરવા માટે અપીલ કરી હતી. તેઓ કહે છે કે,આપણા પૂર્વજોએ દેશ માટે બલિદાન આપ્યા છે, હવે મતદાન કરી દેશ અને લોકશાહીને મજબૂત બનાવીએ. અમે માલધારીઓ પણ સહ પરિવાર મતદાન કરવાના છીએ. ત્યારે દરેક મતદારો મતદાન કરી દેશ માટેની ફરજ અદા કરે. તેમણે એમ પણ કહ્યું કે, મતદાન કરવું એ આપણો નાગરિક ધર્મ અને ફરજ છે.

જીવણભાઈ ટાપરિયાએ આગવી છટામાં દુહા અને દેશભક્તિના ગીત દ્વારા લોકોને રાષ્ટ્ર પ્રત્યેની ફરજ અદા કરવા માટે હાંકલ કરી હતી. તેમણે ગાંડી છે ઈ ગીર અમારી, એ જી એના જીવનમાં કેવી ઉદારી...વગેરે દુહા લલકાર્યા હતાં. ઉલ્લેખનીય



છે કે, કનકાઈ મતદાન મથક હેઠળ ૬૭ પુરુષો અને ૫૪ મહિલા એમ કુલ-૧૨૧ મતદારો મતદાન કરશે. આ મતદાન મથક જૂનાગઢ જિલ્લાના સૌથી ઓછા મતદાર ધરાવતું મતદાન મથક પણ છે.

# જૂનાગઢમાંથી ટ્રાવેલ્સ બસની ચોરી તથા સરગવાળા કારખાના વિસ્તારમાંથી મોટર સાયકલની ચોરી કરનાર શખ્સને ઝડપી લેતી પોલીસ




જૂનાગઢ, તા.૪

જૂનાગઢમાં મજેવડી દરવાજા વિસ્તારમાં આવેલ એક ગેરેજ ખાતે રીપેરીંગમાં મુકવામાં આવેલ ટ્રાવેલ્સ બસની ચોરી થયાનો બનાવ બનવા પામેલ અને જે અંગેની ફરીયાદ નોંધાતા એ ડીવીઝન પોલીસે તત્કાલ કાર્યવાહી કરી અને ટ્રાવેલ્સ બસની ચોરી ઉપરાંત સરગવાળા ખાતેથી મોટર સાયકલની થયેલ ચોરીના બનાવનો ભેદ ઉકેલવામાં સફળતા મેળવી છે અને ટ્રાવેલ્સ બસ તેમજ મોટર સાયકલની ચોરી કરનારા શખ્સને ઝડપી લઈ તેના વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢના ફારૂકભાઈ ઈસ્માઈલભાઈ હાલા રે.નથુકૃપારામ ડેલો ઢાલરોડ જૂનાગઢ વાળાએ ગત તા.૩૦/૪/૨૦૨૪ના રોજ રાત્રીના ૮:૩૦ કલાકે પોતાની ટ્રાવેલ્સ બસ રીપેરીંગ કરવા માટે મજેવડી દરવાજા વિસ્તારમાં આવેલ ગેરેજ ખાતે મુકેલ હતી. ત્યારબાદ આશરે ૧૦:૩૦ કલાકે ગેરેજ બંધ થતા ટ્રાવેલ્સ બસના ડ્રાઈવર તથા ગેરેજ માલિક બસ ત્યાં રાખી પોતાના ઘરે જતા રહેલ અને બીજા દિવસે સવારે ૭ વાગ્યે ગેરેજ ખાતે આવતા ટ્રાવેલ્સ બસ કોઈ અજાણ્યો ઈસમ ચોરી કરી લઈને જતો રહ્યો હોય તે મતલબની ફરીયાદ જૂનાગઢ એ ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવતા પોલીસે અજાણ્યા શખ્સ વિરૂધ્ધ કલમ ૩૭૯ મુજબ ગુન્હો દાખલ કરેલ. દરમ્યાન જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહા નિરક્ષક જાજડીયા તથા જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના અને નાયબ પોલીસ અધિક્ષક નિલેશ ધાંધલીયાના માર્ગદર્શન હેઠળ ટ્રાવેલ્સ બસની ચોરીના બનાવની ઉંડાણ પૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી હતી તેમજ એ ડીવીઝન પોલીસ સ્ટેશના પીઆઈ વી.જે. સાવજ અને સ્ટાફ દ્વારા તાત્કાલીક ગુન્હા નિવારણ શાખાની પી.એસ.આઈ. ઓ.આઈ. સીદી તથા સ્ટાફને આ ચોરીના બનાવનો ભેદ ઉકેલવા સુચના અપાઈ હતી. દરમ્યાન વિશ્વાસ પ્રોજેટક અંતર્ગત લાગેલ નેત્રમ શાખાના સીસી ટીવી કેમેરાનો ઉપયોગ કરી ગુન્હા નિવારણ શાખાના સરતાજ સાંધ તથા પોલીસ કોન્સ્ટેબલ રામભાઈ ચાવડા અને સાજીદખાન બેલીમએ ખાનગી રાહે બાતમી મેળવી અને આ ચોરીમાં સંડોવાયેલા શખ્સની તપાસ કરી અને તેને ઝડપી લેવામાં આવેલ. આ કામનો આરોપી સિંકદરભાઈ હાજીભાઈ સમા રહે. જૂનાગઢ ખ્વાજાનગર વાળાને ચોરી કરેલ ટ્રાવેલ્સ બસ તથા સરગવાડા કારખાના વિસ્તારમાંથી ચોરી કરેલ સ્પલેડર પ્લસ મોટર સાયકલ સાથે ઝડપી લઈ અને તેના વિરૂધ્ધ ગુન્હો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# કનકાઈ આવેલા પર્યટકો કહે છે... દેશના ઉજ્જવળ ભવિષ્ય માટે વોટ કરીએ



જૂનાગઢ, તા.૪

ગીર મધ્યે આવેલા કનકાઈ માતાજીના મંદિર ખાતે પર્યટકોએ તા.૭મી મે એ મતદાન કરી લોકશાહીના મહાપર્વને સાર્થક કરવા માટે અપીલ કરી છે. અમદાવાદ ખાતેથી પરિવાર સાથે ફરવા આવેલા આશા પટેલ કહે છે કે, દેશના ઉજવળ ભવિષ્ય માટે વોટ કરવો જોઈએ.

આપણે કપડાં જેવી સામાન્ય વસ્તુની ખરીદી માટે ૧૦ જગ્યાએ ફરીને અને વિચારીને પસંદગી કરતા હોય છીએ. ત્યારે આપણે સમજદારી પૂર્વક યોગ્ય જનપ્રતિનિધિને ચૂટવા મત આપવો જોઈએ. તેવા જ એક પર્યટક મૂળ મેંદરડાના અણીયારાના જીજ્ઞા ધુતલા હાલ બ્રિટનમાં વકીલાત કરી રહ્યા છે તેમણે પણ દેશના સુરક્ષિત ભવિષ્ય માટે મત કરવો જોઈએ અને જ્યારે આ અધિકાર લોકોને પોતાના હાથમાં આપવામાં આવ્યો છે. ત્યારે અચૂક મતદાન કરીએ.

કનકાઈ મંદિરના કામગીરી સંભાળી રહેલા જગદીશભાઈ મહેતાએ જણાવ્યું કે, લોકશાહીમાં દર ૫ વર્ષે લોકોને મત આપવાનો અધિકાર મળ્યો છે. ત્યારે તા.૭મી મે એ પ્રથમ મતદાન આપવાનું કાર્ય કરીએ. તેમ જણાવતા એક એક મતને કિંમતી ગણાવ્યો હતો.

## જૂનાગઢ જીલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયાએ રેડિયોના માધ્યમ દ્વારા મતદારોને મતદાન માટે પ્રેરિત કર્યા



જૂનાગઢ, તા.૪

જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયાએ રેડિયોના માધ્યમ દ્વારા મતદારોને મતદાન માટે જાગૃત કર્યા હતા. જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીએ તંત્ર દ્વારા કરવામાં આવેલ ચૂંટણીલક્ષી કામગીરી, તેમજ મતદાનના ૭૨ કલાક પૂર્વે એસઓપી પ્રમાણે થનાર કામગીરી, જૂનાગઢ જિલ્લા વિધાનસભાની ભૌગોલિક સ્થિતિ, સ્વીપ અન્વયે મતદાર જાગૃતિ માટેની થયેલી વિવિધ પ્રવૃત્તિઓ વિશે નાગરિકોને માહિતગાર કર્યા હતા.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ રેડિયોના માધ્યમથી નાગરિકોને સંદેશો આપતા તંદુરસ્ત લોકશાહી માટે મતદાન ખૂબ જરૂરી ગણાવતા દરેક નાગરિકોએ તા. ૭ મેના રોજ સમય કાઢી અવશ્ય મતદાન કરવા અપીલ કરી હતી.

# જૂનાગઢમાં અધિકારીઓ-કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

## ચૂંટણી કામગીરીમાં જોડાયેલા અધિકારી-કર્મચારીઓ મતદાનની પવિત્ર ફરજ અદા કરી




જૂનાગઢ, તા.૪

આગામી તા.૭ મેના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે મતદાન યોજાનાર છે. ચૂંટણી કામગીરી સાથે જોડાયેલા અધિકારીઓ - કર્મચારીઓએ આજ રોજ જૂનાગઢ મામલતદાર કચેરી ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું જેમાં રેન્જ આઈજી નિલેશ ઝાંઝડીયા, જૂનાગઢ જિલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા, જૂનાગઢ પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, નાયબ પોલીસ અધિક્ષક, મામલતદાર સહિતના અધિકારીઓએ પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં પવિત્ર ફરજ નિભાવી હતી.

# કોડીનાર શહેર અને તાલુકાની નિવૃત આંગણવાડી સંચાલિકા અને હેલ્પર બહેનો દ્વારા ગ્રેચ્યુટી ની બાકી રકમ મુદે આવેદનપત્ર આપ્યું

## ૭ મે પહેલા પોતાની બાકી ગ્રેચ્યુટી નહીં મળે તો પોતાના પરિવારો મતદાનનો બહિષ્કાર કરશે તેવી આવેદનપત્રમાં ચીમકી ઉચ્ચારી



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૪

ગીર સોમનાથનાં કોડીનાર તાલુકાનાં નિવૃત આંગણવાડી સંચાલિકા અને હેલ્પરોએ પોતાને મળતા ગ્રેચ્યુટીનાં લાભો આપવાની માંગ સાથે કોડીનાર મામલતદારને આવેદન આપી નિવૃત આંગણવાડીની બહેનોની માંગ જો સ્વીકારવામાં નહીં આવે તો આગામી લોકસભા ચૂંટણીમાં મતદાનથી અળગા રહેવાની ચીમકી આપી પહેલા તો કોડીનાર મામલતદાર આવેદનપત્ર સ્વીકાર્યા વગર જ જતા રહેતા મહિલા ઓએ રામધૂન બોલાવી. આખરે મામલદાર પરત ફર્યા અને આવેદન સ્વીકાર્યું. કોડીનાર તાલુકા અને શહેરી વિસ્તારમાં જે તે સમયે આંગણવાડીમાં ફરજ બજાવતા અને વય મર્યાદાને કારણે નિવૃત થનારી અંદાજે ૮૦ જેટલી બહેનોએ આજે ગુજરાતના મુખ્યમંત્રીને સંબોધીને તેઓની જૂની પડતર માંગ સંદર્ભે આવેદનપત્ર આપ્યું હતું. સુપ્રિમ કોર્ટે ચુકાદો આપેલ ચુકાદા મુજબ 'આંગણ વાડીમાં માનદ વેતન સેવાઓ બદલ કરેલી નોકરીને ધ્યાને લઈ ગ્રેચ્યુઈટી ચુકવવા હુકમ કરવામાં આવ્યો છે.' આમ છતાં આજદિન સુધી કેટલીક નિવૃત મહિલા કર્મચારીઓને હજુ સુધી ગ્રેચ્યુટી ની રકમ ચુકવવામાં આવી નથી. જે તે સમયે નોકરીમાંથી આ મહિલાઓ નિવૃત થઈ ત્યારે આઈ.સી.ડી.એસ. ઘટક તરફથી જણાવ્યા મુજબ નિયત નમુનામાં અરજી, બેંકની પાસ બુકની પ્રથમ પાનાની ઝેરોક્ષ, ડીકલેરેશન વગેરે ડોક્યુમેન્ટ કોડીનારની કચેરીએ રજુ કર્યા હતા.ત્યારે કચેરી તરફથી આંગણવાડીમાંથી નિવૃત થયેલી મહિલાઓને જણાવ્યું હતું કે, 'હવે તમારી ગ્રેચ્યુઈટી એકાદ માસમાં તમારા બેંક ખાતામાં જમા કરવામાં આવશે' આમ છતાં તમામ ડોકયુમેન્ટ રજુ કર્યાને છ માસ વીતી ગયા બાદ પણ ૮૦ જેટલી મહિલાઓને ગ્રેચ્યુટી મળી નથી.જ્યારે અધિકારીને પૂછવામાં આવે ત્યારે આઈ.સી.ડી.એસ. કચેરી તરફથી જણાવવામાં આવે છે કે, 'તમારી ગ્રેચ્યુટી અંગેની ગ્રાન્ટ ફાળવેલ નથી. ગ્રાન્ટ આવશે ત્યારે ગ્રેચ્યુટીની રકમ તમોને મળી જશે.' ત્યારે વય નિવૃત આંગણ વાડી મહિલાઓના જે તે સમયે પગાર ભથ્થા પણ નજીવા હતા.વાસ્તવમાં આ બહેનોએ સરકાર અને સમાજની સેવા કરી છે. આ બહેનોની માંગ છે કે, 'કરોડો રૂપિયા ચૂંટણી માં ખર્ચ સરકાર કરે છે ત્યારે અમારી નજીવી રકમ અમને ચુકવવામાં શો વાંધો...? આમ છતાં આ જરૂરિયાતમંદ નિવૃત આંગણવાડી બહેનોને તેઓની હકની ગ્રેચ્યુટીની રકમ નહીં ચુકવવામાં આવે તો આ તમામ બહેનો તેઓના પરિવાર સાથે આગામી લોકસભા ચૂંટણીમાં મતદાનનો બહિષ્કાર કરી વિરોધ દર્શાવશે તેવું આવેદનમાં જણાવ્યું છે.

### કર્મચારીની પ્રમાણીકતા

# ભાવનગર-વેરાવળ ટ્રેનમાંથી કિંમતી પર્સ મળી આવતા મુળ માલિકને પરત કરાયું

જૂનાગઢ, તા.૪

તાજેતરમાં ભાવનગર-વેરાવળ ટ્રેન નંબર ૦૯૫૬૬માં ટેશન ઉપર કોઈ મુસાફર પર્સ ભુલી ગયેલ તેમાં લગ્નપ્રસંગે અપાયેલ ચાંદલો સાથેના કવર ૧૨ હતા અને આ પર્સ ફરજ બજાવતા અમિત આર. ભટ્ટને મળી આવેલ. અમિત ભટ્ટે તાત્કાલીક તપાસ કરી અને આ પર્સ જેનું હતું તેનો કોન્ટેક કરી અને પરત આપી પ્રમાણીકતાનું ઉદાહરણ પુરૂ પાડેલ છે.



(તસ્વીર : ધર્મેશ ખાચર)

# જૂનાગઢ શહેરના જાહેર સ્થળોએ રંગોળી દ્વારા મતદાન જાગૃતિનો સંદેશો અપાયો



જૂનાગઢ, તા.૪

જૂનાગઢ શહેરના જાહેર સ્થળોએ મતદાન અવશ્ય કરીએ, આવ્યો રૂડો અવસર..... લોકશાહીનો તહેવાર..... જેવા સૂત્રો સાથે રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતું.

જૂનાગઢ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા લોકશાહીના આ પવર્મા વધુમાં વધુ લોકોની ભાગીદારી સુનિશ્ચિત થાય એ માટે જનજાગૃતિના કાર્યક્રમો જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહ્યા છે. જે અન્વયે જૂનાગઢમાં રેલવે સ્ટેશન, સરદાર ગેટ, સિવિલ હોસ્પિટલ, ઉપરકોટ (મેઈન ગેટ), સુરજ સિનેમા, કાળવા ચોક, દરબાર હોલ મ્યુઝીયમ, ભવનાથ તળેટી સહિતના સ્થળોએ પ્રોફેશનલ આર્ટિસ્ટો દ્વારા રંગોળી બનાવી લોકોને મતદાન કરવા માટે પ્રેરીત કરાયા હતા. આ ઉપરાંત તાલુકા કક્ષાએ શાળાઓમાં, આંગણવાડીઓમાંપણ રંગોળીનું આયોજન કરવામાં આવ્યું હતુ.આમ, કલાત્મક રંગોળીના માધ્યમથી લોકોને મતદાન કરવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# જૂનાગઢ જીલ્લાના તાલુકાઓમાં લોકોને મતદાન માટે પ્રોત્સાહિત કરાયા



જૂનાગઢ, તા.૪

લોકસભાની સામાન્ય ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, તેને અનુલક્ષીને જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન તળે મતદાન જાગૃતિના કાર્યક્રમનો અંતિમ તબક્કો ચાલી રહ્યો છે. ત્યારે જૂનાગઢના વિવિધ તાલુકા તેમજ ગામડાઓમાં લોકોને મતદાન માટેપ્રોત્સાહિત કરાયા હતા. માળિયા હાટીના તાલુકાના અમરાપુર તથા જામવાળી ગામ તેમજ કેશોદ તાલુકાના સિલોદર અને માંગરોળ નગરપાલિકા વિસ્તારમાં મહત્તમ મતદાન માટે લોકોને અપીલ કરવામાં આવી હતી. તેમજ વિવિધ સુત્રોચ્ચાર જેવા કે ''મારો મત મારો માધિકાર'', '' હું તો મતદાન કરીશ જ '' દ્વારા લોકોને આકર્ષિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત લોકો મતદાન માટે પ્રતિજ્ઞાબદ્ધ થયા હતા.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

### તંત્રી લેખ

# દેશમાં રોજગાર સર્જન માટે ઉદ્યોગીકરણ જ ઉપયોગી

ભાજપે પોતાના ચૂંટણી ઢંઢેરામાં ભારતને વૈશ્વિક ઉત્પાદનનું કેન્દ્ર બનાવવાનો સંકલ્પ લીધો છે. આર્થિક વિકાસ વડાપ્રધાન મોદીની પ્રાથમિકતા રહ્યો છે. જ્યાં કોંગ્રેસ ભારતને ૨૦૪૩ સુધી વિશ્વની ત્રીજી મોટી આર્થિક શક્તિ બનાવવાની વાત કરતી હતી, ત્યાં જ મોદીએ આગલા કાર્યકાળમાં જ આ લ-યની પ્રાપ્તિનો સંકલ્પ લીધો છે. ૨૦૨૬-૨૭ સુધી પાંચ ટ્રિલિયન (લાખ કરોડ) ડોલરની અર્થવ્યવસ્થા અને ૨૦૪૭ સુધી ભારતને વિકસિત દેશ બનાવવાના સંકલ્પમાં ઉત્પાદન ક્ષેત્રનું ભારે મહત્ત્વ રહેવાનું છે. આ સંકલ્પ એ અર્થમાં મહત્ત્વપૂર્ણ છે કે વિયેતનામ, મેક્સિકો, થાઈલેન્ડ અને મલેશિયા સાથે ભારત અત્યાર સુધી 'ચાઈના પ્લસ વન'ની દોડમાં જોવા મળતું હતું. 'ચાઈના પ્લસ વન'નો અર્થ છે વિશ્વની દિગ્ગજ કંપનીઓ ચીનથી ઈતર અન્ય દેશોમાં પણ ઉત્પાદન એકમો સ્થાપિત કરે. આ નીતિથી વિપરીત ભાજપનું ઘોષણા પત્ર ચીનને હટાવીને ભારતને ઉત્પાદનનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાની વાત કરી રહ્યું છે.

ભારતીય ઉદ્યોગોને નિકાસ કેન્દ્રિત બનાવવા અને ચીન સાથે વધતી વેપાર ખાધને પૂરવા માટે નીતિ આયોગ ૨૦૨૩થી કામ કરી રહ્યું છે. તે અંતર્ગત નિકાસ વૃદ્ધિ ક્ષમતાવાળા ઉત્પાદનોને ચિહ્નિત કરીને ચીનમાં ટેરિફ અને નોન-ટેરિફ અડચણો, નિયામક તંત્ર અને બજાર પહોંચ સંબંધી ચિંતાઓની ગહન તપાસ થઈ રહી છે. આયોગનું એ અધ્યયન વિશિષ્ટ ઉત્પાદનો પર ચીની નિર્ભરતાની જગ્યાએ બીજા એશિયાઇ દેશો પાસેથી સપ્લાય ચેન શોધવા અને બદલાતી વૈશ્વિક સપ્લાય ચેનમાં ભારતીય સંભાવનાઓ શોધવા પર પણ ભાર મૂકશે. ચીન સાથે ભારે વેપાર ખાધ અને ઉત્પાદન ક્ષેત્રમાં ભારતની અપેક્ષાકૃત કમજોર સ્થિતિ કેટલીય અન્ય સમસ્યાઓની જેમ મોદી સરકારને વારસામાં મળી. ભારતમાં કંગાળ સમાજવાદી નીતિઓથી વિપરીત ડેંગના નેતૃત્વમાં ઉદારીકરણે ચીનને નિર્ણાયક સરસાઈ આપી. તેમ છતાં ૨૦૦૩ સુધી ચીન સાથે આપણી વેપાર ખાધ બહુ વધારે ન હતી, પરંતુ ૨૦૦૪ બાદ કોંગ્રેસનીત યુપીએ સરકારે ખાધની અવગણના કરીને 'દ્વિપક્ષીય વેપાર'ને વધારવા પર જ ભાર મૂક્યો. તેનો ચીનને ભરપૂર ફાયદો ઉઠાવ્યો. વેપાર ખાધની ચિંતાથી બેફિકર પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે ચીની વડાપ્રધાન વેન જિયાબાઓના ભારત આગમન પર એકપક્ષીય વધતા વેપારને પોતાની 'ઉપલબ્ધિ' ગણાવી, જ્યારે હાલની સરકારના પ્રયાસોથી દેશમાં ઈલેક્ટ્રોનિક્સ, વિશેષ કરીને મોબાઈલ ફોન ઉત્પાદન, વિન્ડ ટર્બાઇન અને દવા જેવી વસ્તુઓના ઉત્પાદનમાં અભૂતપૂર્વ તેજી આવી છે.

ભારત જેવી મોટી આબાદીવાળા દેશમાં ઉત્પાદન જ રોજગાર સર્જનનું મુખ્ય માધ્યમ બની શકે છે. આ મોરચે અપેક્ષિત લાભ ઉઠાવવા માટે લેન્ડ બેંક, મૂડી ખર્ચ, આધારભૂત માળખું અને સુદૃઢ કાયદો વ્યવસ્થા વગેરે સુનિશ્ચિત કરવાની જરૂર છે. પ્રતિસ્પર્ધા અને વિરોધ છતાં ભારતે જો ચીન પાસેથી કંઈક શીખવું પડે તો તેનો સંકોચ ન રાખવો જોઈએ. ચીને ખુદ પોતાના આર્થિક ઉત્થાનની શરૂઆત અમેરિકી ટેકનિક અને દુશ્મન મનાતા તાઈવાન, જાપાન સહિત અન્ય દેશોના રોકાણથી કરી હતી. નીતિઓથી માંડીને આધારભૂત માળખા અને સામાજિક મોરચા સુધી ચીને ખુદને ઉત્પાદન ઉન્મુખ અર્થતંત્રની જેમ વિકસિત કર્યું છે. દક્ષિણમાં ઝુહાઈથી લઈને ઉત્તરમાં તિયાનજિન સુધી ૩૦૦૦ કિમીનું તટીય ક્ષેત્ર નાના-મોટા ઉદ્યોગ ક્ષેત્રોથી ભરપૂર છે. અલગ-અલગ શહેરો વિશિષ્ટ ઉત્પાદનનાં કેન્દ્ર બન્યાં છે, એટલું જ નહીં, કેટલાંય શહેરોની આખી અર્થવ્યવસ્થા તેના વિશાળ જથ્થાબંધ બજારો પર આધારિત છે. સાત કિમી લાંબા, વિશ્વસ્તરીય બજારથી એકલું યીવુ શહેર વર્ષે પંદર અબજ ડોલરની નિકાસ કરી રહ્યું છે.

અપ્રવાસી મજૂરો પર નિર્ભર ભારતીય ઉત્પાદન કેન્દ્રોમાં કર્મચારીઓ માટે રહેણાંક એક મોટી સમસ્યા રહી છે, જ્યારે ચીને તેનું નિદાન જાહેર આવાસીય વ્યવસ્થા દ્વારા કર્યું છે. જોકે ડોર્મિટરી લેબર રિજીમ નામની આ વ્યવસ્થાની ટીકા પણ થતી રહે છે, પરંતુ હવે કેટલાક યુરોપીય દેશો પણ તેનું અનુસરણ કરી રહ્યા છે. ચીનનો સ્કૂલનો અભ્યાસક્રમ પણ ઉત્પાદન તંત્રની જરૂરિયાતોને સમાયોજિત કરે છે. મિડિલ સ્કૂલ બાદ દરેક બાળક જોંગકાઓ નામની પરીક્ષામાં બેસે છે, જ્યાં હાઈસ્કૂલ સ્તર પર જ અકાદમિક અને વ્યાવસાયિક વિદ્યાર્થીઓની છટણી થઈ જાય છે. પરિણામે ૪૭ ટકા એટલે કે લગભગ અડધા વિદ્યાર્થી વ્યાવસાયિક શિક્ષણમાં એડમિશન લે છે. ઘણી હદ સુધી સ્વાયત્ત આ વ્યાવસાયિક શિક્ષણ કેન્દ્રોને પોતાનો અભ્યાસક્રમ નક્કી કરવાની છૂટ હોય છે. ફળસ્વરૂપે એક તૃતિયાંશ અભ્યાસક્રમમાં સામાન્ય વિષય, એક તૃતિયાંશમાં પસંદ કરેલા વ્યવસાય સંબંધી કૌશલ વિકાસ અને બાકી એક તૃતિયાંશ અભ્યાસક્રમ સ્થાનિક ઉદ્યોગની માંગો પર આધારિત હોય છે. ચાર વર્ષીય અભ્યાસક્રમનું અંતિમ વર્ષ સ્થાનિક ઉદ્યોગમાં ઈન્ટર્ન રૂપે વીતે છે. વ્યાવસાયિક શિક્ષા શુલ્ક પણ સરકારી અને ઔદ્યોગિક અનુદાનથી પૂરા થાય છે.

પરંપરા, વિશેષ કરીને કન્ફ્યૂશિસ મૂલ્યો ચીની ઉદ્યોગને સ્થિરતા આપે છે. આ મૂલ્યોમાં શ્રમ અને શ્રમિકની ગરિમા સાથે નિરંતર શીખતા રહેવા પર ભાર મૂકવામાં આવે છે. ચીની નવા વર્ષનું અત્યધિક મહત્ત્વ ઉદ્યોગ અને વેપારમાં લેણદેણને એ જ વર્ષ સુધી સીમિત રાખવા પર ભાર મૂકે છે, જેને કારણે અર્થવ્યવસ્થા ગતિશીલ રહે છે. મહિલાઓની બરાબરીની ભાગીદારી પણ ચીની સફળતાનું મોટું કારણ છે. ભારતીય અર્થનીતિમાં એક મોટી ખામી નિષેધાત્મક આયાત શુલ્ક લગાવવાથી પણ થઈ. એવા શુલ્ક આ ઉદ્યોગોને હતોત્સાહિત કરે છે, જે આયાતી મધ્યવર્તી માલ પર નિર્ભર છે. અર્થશાસ્ત્રી વિરલ આચાર્યનું માનવું છે કે ભારત એ જ ક્ષેત્રોમાં સંરક્ષણવાદી છે, જ્યાં તેની પાસે 'ચીન પ્લસ વન' રૂપે ઉભરવાના અવસર છે. નીતિ આયોગના સદસ્ય અરવિંદ વિરમાણી માને છે કે કાપડના આયાત દરોને સરળીકૃત અને ઓછા કરીને ભારત પોતાના પરિધાન નિકાસને સહજ રીતે બેવડાવી શકે છે. ઉલ્લેખનીય છેકે ચીનની આર્થિક સફળતામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નિભાવનારા પાંચ સ્પેશ્યલ ઈકોનોમિક ઝોનને આયાત શુલ્ક દાયરાથી સંપૂર્ણ રીતે બહાર રાખવામાં આવ્યા હતા. આશા રાખીએ કે લોકરંજક ચૂંટણી વાયદાના આ દોરમાં નીતિગત પરિવર્તનોને મહત્ત્વ આપવામાં આવશે, જેથી દેશ એક નવી દિશા લે. ભારતમાં ઉદ્યોગીકરણ જ દેશને ઉન્નતિ તરફ અગ્રેસર કરીને આમ જનતાનું જીવન સ્તર સુધારી શકે છે.

### સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદી બોલ્યા

# આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો



## સૌરાષ્ટ્રના પ્રેમને યાદ કરતાં મોદીએ કહ્યું કે મને પ્રથમવાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે જ બનાવ્યો, ગુજરાતે મારૂ પાકુ ઘડતર કર્યુ છે

સુરેન્દ્રનગર, તા.૪

ગુજરાતમાં લોકસભા ચૂંટણી પહેલા ભાજપ પુરજોશમાં પ્રચાર કરવા મેદાનમાં ઉતર્યું છે. અત્યારે પીએમ મોદી બે દિવસની ગુજરાતના પ્રવાસે છે. વડાપ્રધાન મોદી ગુરૂવારે આણંદ અને સુરેન્દ્રનગરમાં કોંગ્રેસ પર વરસ્યા હતા. સુરેન્દ્રનગરમાં સભા સંબોધતા પીએમ મોદીએ જણાવ્યું કે, આ વખતે રેકોર્ડ તોડી નાંખજો, દરેક બૂથ પર ૨૫-૨૫ થાળીઓ વગાડીને મતદાન કરજો. સુરેન્દ્રનગરમાં જન સભા સંબોધીને કોંગ્રેસને આડે હાથે લેતા તેમણે કહ્યુ કે, કોંગ્રેસ લખીને બાંહેધરી આપે કે બાબાસાહેબ આંબેડકરે જે અનામત આપેલું છે એને ધર્મના આધાર પર દલિતો, આદિવાસીઓ, બક્ષીપંચ પાસેથી લૂંટીને મુસલમાનોને અનામત નહીં આપે.

સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. પીએમ મોદીએ જણાવ્યું કે, ઓવારણા લીધા તે માટે માતા-બહેનોનો આભાર માનું છે. ગુજરાત આખુ પ્રેમ વરસાવી રહ્યું છે. ગુજરાતનું ઋણ ક્યારેય ના ભુલી શકું. પીએમ મોદીએ સૌરાષ્ટ્રના પ્રેમને યાદ કરતાં કહ્યું કે મને પ્રથમવાર ધારાસભ્ય સૌરાષ્ટ્રે જ બનાવ્યો, ગુજરાતને મારૂ પાકુ ઘડતર કર્યુ છે. આપણે નાનુ વિચારતા નથી અને નાનુ કરતા પણ નથી. વિશ્વના સૌથી મોટું સ્ટેડિયમ અને સ્ટેચ્યૂ બનાવ્યું, ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકસિત ગુજરાત બનાવવાનું છે.

પીએમ મોદીએ લોકોનો હોંસલો વધારતાં જણાવ્યું કે, આ વખતે તમારે બધાએ મતદાનના તમામ રેકોર્ડ તોડી નાંખવાના છે. ૧૦ વાગ્યા પહેલા દરેક બૂથ પર જઈને ૨૫-૨૫ થાળી વગાડવી અને મતદાન કરવું. બધા પૉલિંગ બૂથ આપણે જીતવાના છે. અગાઉની સરકારોમાં માત્ર કૌભાંડ જ થયા છે. ૧૦ વર્ષ પહેલા છાપામાં માત્ર કૌભાંડના જ સમાચાર આવતા હતા. ગરીબોને કોંગ્રેસની સરકાર પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો, અમારી સરકારે ગરીબો માટે અનેક કામો કર્યા છે. અમારી સરકારે હંમેશા ગરીબોની ચિંતા કરી છે. સભામાં વડાપ્રધાન મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસે તેના શાસનમાં માત્ર કૌભાંડ જ કર્યા છે. આજે વિશ્વમાં ભારતનો ડંકો વાગે છે. દુનિયાના દરેક દેશમાં ભારતનો ડંકો વાગે છે. મોદીના કારણે નહીં તમારા મતના કારણે વિશ્વમાં દેશનો ડંકો વાગી રહ્યો છે. ભારતમાં આવવા વિશ્વની કંપનીઓ વચ્ચે સ્પાર્ધા જામી છે. આજે આતંકવાદને ભારત તેમના ઘરમાં ઘૂસીને મારે છે. વિશ્વમાં ભારત પાંચમાં નંબરની અર્થવ્યવસ્થા બની છે. સુરેન્દ્રનગરમાં પીએમ મોદીએ ચૂંટણી સભાને સંબોધતા જણાવ્યું કે, આજે દેશ પ્રગતિ કરી રહ્યો છે ભારતે કોરોનાનો મજબૂતીથી સામનો કર્યો છે. કોંગ્રેસે પર આકરા પ્રહાર કરતાં પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસે હંમેશા માટે વૉટ બેંકના કારણે રામ મંદિર બનવા ના દીધું. હવે ૫૦૦ વર્ષ બાદ અયોધ્યામાં રામ મંદિર બન્યું. અમારી સરકારે જે કીધું તે કરી બતાવ્યુ છે. કોંગ્રેસે પ્રાણ પ્રતિષ્ઠાનું આમંત્રણ સ્વીકાર્યું નહીં. પીએમ મોદીએ વધુમાં જણાવ્યું કે, કોંગ્રેસ રામભક્તો અને શિવભક્તોમાં ભેદ ઉભો કરે છે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષના નિવેદન પર પીએમનો પલટવાર જોવા મળ્યો. તેમને કહ્યું કે, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષે બદઈરાદે નિવેદન આપ્યુ, કોંગ્રેસ રામ ભક્તો અને શિવ ભક્તોમાં ભેદ ઉભો કરે છે. મલ્લિકાર્જૂન ખડગેના નિવેદન પર પીએમ મોદીએ પ્રહાર કરતાં જણાવ્યું કે, કોંગ્રેસ હવે હિન્દુઓની આસ્થામાં પણ ભેદભાવ ઉભો કરે છે. કોંગ્રેસ ધર્મના આધારે રાજનીતિ કરી રહ્યું છે. ''કોંગ્રેસ અધ્યક્ષે રામ અને શિવને લઈ વિવાદાસ્પદ નિવેદન આપ્યું'' - કોંગ્રેસના મેનિફેસ્ટોમાં મુસ્લિમ લીગની છાપ છે. કોંગ્રેસના મેનિફેસ્ટોમાં કોંગ્રેસનો નહીં પણ મુસ્લિમ લીગનો પંજો છે.

પીએમ મોદીએ કોંગ્રેસ સામે આ સભામાં ત્રણ મોટા પડકારો પણ ફેંક્યા, કોંગ્રેસ લેખિતમાં આપે કે દેશના બંધારણમાં તે કોઈ છેડછાડ ના કરે. બંધારણ બદલી ધર્મના આધારે મુસ્લિમોને અનામત નહીં આપે. જી,'મ્ઝનો કોંગ્રેસ અનામતનો અધિકાર નહીં છીનવે. કૉંગ્રેસ શાસિત રાજયોમાં તે વૉટબેંકની રાજનીતિ નહીં કરે. મારા ત્રણ પડકારોને કોંગ્રેસ દેશને લેખિતમાં ગેરેન્ટી આપે. પીએમે કહ્યું કે, ૯ દિવસ પહેલા મે કોંગ્રેસને ત્રણ પડકાર આપ્યા હતા, કોંગ્રેસની નિયતમાં ખોટ છે. બંધારણ માટે મારું સમર્પણ કેવું છે એ તમને યાદ હશે. હું ધૂમધામથી બંધારણની ૭૫મી વર્ષગાંઠ મનાવીશ.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુદર્શન સેતુ ખાતે મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત બાઇક રેલી યોજાઇ





## ૧૦૦ ટકા મતદાન કરીશું અને અન્ય નાગરિકોને પણ મહત્તમ મતદાન માટે પ્રોત્સાહિત કરવા

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્વીપ પ્રવૃત્તિ અંતર્ગત જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી જી.ટી.પંડ્યાના માર્ગદર્શનમાં લોકશાહીના મહાપર્વમાં મહત્તમ મતદાન થાય તે માટે અનેકવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી રહી છે. જે અન્વયે ગઈકાલે દેવભૂમિ દ્વારકા જિલ્લાના સુદર્શન સેતુ ખાતે મતદાન જાગૃતિ અર્થે મામલતદારશ્રી દ્વારકા સહિતની ઉપસ્થિતિમાં બાઈક રેલી યોજાઈ હતી. જેમાં મતદાન જાગૃતિ સાથે સાથે બાઈક ચાલકોએ હેલ્મેટ પહેરીને માર્ગ સલામતીનો સંદેશો પણ પાઠવ્યો હતો. ઉપરાંત મતદાનના અનેક સૂત્રો સાથે બાઈક ચલાવીને મતદાન જાગૃતિ અભિયાનમાં સહભાગી બની અને ૧૦૦% મતદાન કરશું અને મહત્તમ મતદાન કરવા માટે અન્ય નાગરિકોને પણ પ્રેરિત કરવાના સંકલ્પ લીધા હતા. બાઈક રેલીમાં દ્વારકા તાલુકા વિકાસ અધિકારી, દ્વારકા મામલતદાર, ઓખા નગરપાલિકાના ચીફ ઓફિસર સહિત બહોળી સંખ્યામાં શિક્ષકો, કર્મચારીઓ જોડાયા હતા.

# ભાણવડના બરડા ડુંગર વિસ્તારમાંથી વધુ એક દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ: આરોપીઓ ફરાર

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૪

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ વિસ્તારમાં આવેલા બરડા ડુંગર ખાતે અહીંના ડી.વાય.એસ.પી. ડો. હાર્દિક પ્રજાપતિ તથા તેમના સ્ટાફ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન ડીવાયએસપી કચેરીના એ.એસ.આઈ. શક્તિરાજસિંહ જાડેજા અને સુખદેવસિંહ જાડેજાને મળેલી ચોક્કસ બાતમીના આધારે બરડા ડુંગરના મોરડીયા નેશ ખાતે એક દેશી દારૂની ધમધમતી ભઠ્ઠી ઉપર દરોડો પાડવામાં આવ્યો હતો. આ સ્થળેથી ૨૨૦ લિટર દેશી દારૂ, ૧૬ બેરલમાં ભરીને રાખવામાં આવેલા ૩૨૦૦ લીટર દારૂનો આથો, અખાદ્ય ગોળ, તાંબાની નળી, દારૂની ભઠ્ઠીના જુદા જુદા સાધનો મળી કુલ રૂપિયા ૧૫,૯૦૦ નો મુદામાલ કબજે કરવામાં આવ્યો હતો.

દારૂની ભઠ્ઠી ચલાવવાની આ પ્રવૃત્તિ ભાણવડ તાબેના ફિલ્ટર નેશ વિસ્તારમાં રહેતા કરશન અરજણ ચાવડા, રાજુ અરજણ ચાવડા, અમરા લખમણ ચાવડા અને અતુલ અમરા ચાવડા નામના શખ્સો દ્વારા કરવામાં આવી રહી હોવાનું ખુલવા પામ્યું છે. જો કે આરોપીઓ આ સ્થળે મળી ન આવતા હાલ તમામને ફરાર જાહેર કરવામાં આવ્યા છે. જે અંગે ભાણવડ પોલીસ મથકમાં ધોરણસર ગુનો નોંધાયો છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

મેઘાવી બુધ્ધિથી આપણને ધન, યશ અને સુખની પ્રાપ્તિ થાય છે.

- યજુર્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧૧ વરૂથીની એકાદશી, શ્રી વલ્લભાચાર્ય જયંતિ, પંચક તા.૪ મે ૨૦૨૪, શનિવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૪, પૂર્વાભાદ્રપ્રદા નક્ષત્ર, ઐન્દ્ર યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૧૬, સૂ.અ.૭:૧૮

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ), સાંજે ૪:૩૭ ક. પછી જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: આર્થિક સમસ્યા હળવી બને. નવિન યોજનાઓ પાર પાડી શકશો.
વૃષભ:માનસિક અશાંતિ રહે. ખોટા ખર્ચનું ભોગ બનવું પડે.
મિથુન:રચનાત્મક કાર્યમાં સફળતા મળે. ધીરજના ફળ મીઠા મળે.
કર્ક: પુરૂષાર્થનું ફળ મેળવી શકશો. પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને.
સિંહ: મહત્વના કાર્યમાં સફળતા મળે. આર્થિક લાભ માટે સાનુકૂળ તક.
કન્યા: યાત્રા પ્રવાસના યોગ છે. અટકી-અટકીને કાર્ય પૂર્ણ થાય.
તુલા: માનસિક તનાવ દૂર થાય. કૌટુંબિક સમસ્યા હળવી બને.
વૃશ્ચિક:વિલંબ બાદ કાર્ય સફળતા મળે. ગૃહસ્થી જીવનમાં આનંદ રહે.
ધન: વાહનથી સંભાળવું હિતાવહ. લાભની તક ઠગારી નીવડે.
મકર: ગૃહવિવાદ. આવક કરતા જાવકનું પાસું વિશેષ રહે.
કુંભ: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. આર્થિક લાભ મેળવવા વધુ પરિશ્રમ કરવો પડે.
મીન: આવકવૃધ્ધિના સંજોગો ઉજળા છે. પ્રતિસ્પર્ધિઓથી સાવધ રહેવું હિતાવહ.

### મીડિયાને જોઈને ઘરનો દરવાજો જ ન ખોલ્યો

# ગાયબ થયેલા કુંભાણી સુરતમાં સાક્ષાત પ્રકટ થયા



## નિલેશ કુંભાણીના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો છે : કુંભાણીની પ્રેસ કોન્ફરન્સ રદ

સુરત, તા.૪

સુરતના ભાજપના ઉમેદવાર મુકેશ દલાલ બિનહરીફ જાહેર થયા બાદથી કોંગ્રેસના ઉમેદવાર નિલેશ કુંભાણી ગાયબ થયા હતા. તેમના ટેકેદારોનો પણ કોઈ અત્તોપત્તો ન હતો. ત્યારે આખરે નિલેશ કુંભાણી સાક્ષાત પ્રકટ થયા છે. ગત અઠવાડિયે વીડિયો જાહેર કર્યા બાદ કોંગ્રેસના પૂર્વ ઉમેદવાર નિલેશ કુંભાણી બુધવારે રાતે સુરત પહોચ્યા હતા. નિલેશ કુંભાણી સુરત ખાતે પોતાના નિવાસસ્થાને આવી પહોચ્યાહતા. જેથી નિલેશ કુંભાણીના ઘરની બહાર પોલીસ બંદોબસ્ત મુકવામાં આવ્યો છે. નિલેશ કુંભાણી આવ્યાની જાણ થતા જ મીડિયાની ટીમ તેમના ઘરે પહોંચી હતી, પરંતુ તેઓએ ઘરનો દરવાજો ખોલ્યો ન હતો.

સુરતમાં કોંગ્રેસ ઉમેદવાર નિલેશ કુંભાણી વિવાદ મામલે નિલેશ કુંભાણી ફરી ચર્ચામાં આવ્યા છે. બુધવારે રાતે સુરત આવી ગયેલા નિલેશ કુંભાણી મીડિયા સમક્ષ આવી મોટો ઘટસ્ફોટ કરે તેવી શક્યતા છે. સુરતમાં આવ્યા બાદ કુંભાણી પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા, પરંતુ ગણતરી ના કલાકોમાં આ પ્રેસ કોન્ફરન્સ કેન્સલ કરાઈ હતી. તબિયત નાંદુરસ્ત હોવાનું બહાનું આપીને પ્રેસ કોન્ફરન્સ રદ કરાઈ હતી. હાલ નિલેશ કુંભાણીના ઘરે ફરી પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અગાઉ કોંગ્રેસ દ્વારા કુંભાણીના ઘરે હોબાળો કરાયો હતો. સુરતમાં કોંગ્રેસે મોટાપાયે કુંભાણીનો વિરોધ દર્શાવેય હતો. ત્યારે ફરી કોઈ હોબાળો થાય તે આશંકાના પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. હવે આજે કુંભાણી શું કરે છે તે મોટી ચર્ચા છે.

ગુજરાત કોંગ્રેસને હાઈકોર્ટથી મોટો ઝટકો મળ્યો છે. સુરતથી ભાજપ ઉમેદવાર મુકેશ દલાલની બિનહરીફ જીતને પડકારતી PIL નકારવામાં આવી છે. અરજી પર સુનાવણી કરવાનો હાઈકોર્ટ દ્વારા ઈક્રાર કરવામાં આવ્યો છે. સાથે જ આ વિવાદ માટે ઈલેક્શન પિટિશન ફાઈલ કરવા ટકોર કરાઈ છે. અરજીમાં મતદારો મતદાનની વંચિત રખાયાનો મુદ્દો ઉઠાવાયો હતો. મહત્વનું છે કે, સુરતથી કોંગ્રેસના ઉમેદવાર કુંભાણીના ફોર્મમાં ટેકેદારોની સહી મિસમેચ થતા અને ટેકેદારો રહસ્યમય રીતે ગાયબ થતા ફોર્મ રદ થયું હતું. જે બાદ અન્ય ઉમેદવારોએ પણ ઉમેદવારી પાછી ખેંચતા ભાજપના મુકેશ દલાલ બિનહરીફ વિજેતા જાહેર થયા હતા. જે બાદ કોર્ટમાં અરજી કરવામાં આવી હતી. જેને કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં ફગાવી દીધી છે. સુરત ભાજપાના ઉમેદવાર બિન હરીફ જાહેર થવા અંગેની જાહેરહિતની અરજી હાઈકોર્ટે ફગાવી દીધી છે. કોર્ટે જાહેર હિતની અરજી સ્વીકારવાનો ઈક્રાર કર્યો છે. સુરતના અરજદાર ભાવેશ પટેલે જાહેરત હિતની અરજીમાં દાવો કર્યો હતો કે સુરતમાં મતદારોને નકારાત્મક મતનો વિકલ્પ અપાયો નથી. મતદારોને નોટાના અધિકારીથી વંચિત રખાયા છે. આ કારણે અરજદારે ભાજપના ઉમેદવારને બિન હરીફ કરવાના નિર્ણયને રદબાતલ કરવા માંગ કરી હતી.

ભાજપના ઉમેદવાર મુકેશ દલાલના બિનહરીફ જાહેર કરવી દેવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારતી અરજીની સુનાવાણી કરવા હઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનિતા આગ્રવાલની ખંડપીઠે સ્પષ્ટ શબ્દોમાં ઈક્રાર કર્યો હતો. હાઈકોર્ટે આ બાબતે કહ્યું કે, બિનહરીફ જાહેર થયેલ ઉમેદવારને પણ મતગણતરીની પ્રક્રિયા મારફતે ચુંટાયેલા ઉમેદવાર સમાન જ ગણાય. આ અરજી જાહેરહિતની અરજીના નિયમોમાં આવતી નથી. હાઈકોર્ટે અરજદારને ટકોર કરી કે, આ માટે ઈલેક્શન પીટિશન દાખલ કરો. તેને પીઆઈએલ તરીકે સ્વીકારાશે નહિ.

ગત અઠવાડિયે કોંગ્રેસે નિલેશ કુંભાણીને છ વર્ષ માટે સસ્પેન્ડ કરાયા હતા. કોંગ્રેસ શિસ્ત સમિતિએ લાંબી ચર્ચા બાદ આ નિર્ણય લીધો છે.

પૂરતો સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણીએ કોઈ ખુલાસા કર્યા નથી તેવુ શિસ્ત સમિતિએ જણાવ્યું. સમિતિએ જણાવ્યું કે, નિલેશ કુંભાણીનું ફોર્મ રદ થવું એકમ નસીબ ઘટના છે. ફોર્મ રદ થવા અંગે નિલેશ કુંભાણીએ સંપૂર્ણ નિષ્કાળજી દાખવી છે. ભારતીય જનતા પાર્ટી સાથે તેમનું મેરાપીપણું દેખાયું. કુદરતી ન્યાયના સિદ્ધાંત મુજબ સ્પષ્ટતા માટે સમય આપ્યો હોવા છતાં નિલેશ કુંભાણી ગાયબ થઈ ગયા.

# અમેઠીમાં ફરી આમને સામને થશે રાહુલ ગાંધી-સ્મૃતિ ઈરાની

અમેઠી, તા.૪


લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ત્રીજા તબક્કાનું મતદાન ૭ મેના રોજ થવાનું છે. આ પહેલા કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીના નામાંકનને લઈને ચર્ચાઓ તેજ થઈ ગઈ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર રાહુલ ગાંધી અમેઠીથી ચૂંટણી લડવાના છે અને તેની તૈયારીઓ પણ શરૂ થઈ ગઈ છે. જિલ્લા મહામંત્રી બ્રિજેશ ત્રિપાઠી પોતાનું નોમિનેશન ખરીદવા કોર્ટમાં પહોંચ્યા છે.

સૂત્રોએ જણાવ્યું કે રાહુલ ગાંધી અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવશે. ખરેખર, અમેઠીના કોંગ્રેસના ઉમેદવારોની સત્તાવાર યાદી જાહેર કરવામાં આવી નથી, તેથી અટકળોનું બજાર ગરમ છે. અમેઠીથી ભારતીય જનતા પાર્ટી (BJP)ના ઉમેદવાર કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ ઉમેદવારી નોંધાવી છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવ સાથે કલેક્ટર કચેરીએ પહોંચીને તેમણે જિલ્લા ચૂંટણી અધિકારી નિશા અનંતને તેમના ઉમેદવારી પત્રો સોંપ્યા. આ દરમિયાન, અમેઠી પહોંચેલા સોનિયા ગાંધીના પ્રતિનિધિ કિશોરી લાલ શર્માએ કહ્યું, માત્ર ગાંધી પરિવારના સભ્ય જ ચૂંટણી લડશે. તમામ તૈયારીઓ માત્ર રાહુલ ગાંધી માટે કરવામાં આવી છે, અન્ય કોઈ વ્યક્તિ માટે નહીં. પાર્ટી કાર્યકર્તાઓ ઈચ્છે છે કે માત્ર ગાંધી પરિવારનો કોઈ સભ્ય જ અમેઠીથી ચૂંટણી લડે. રાહુલ ગાંધીના અમેઠીથી ચૂંટણી લડવા અંગે કોંગ્રેસ મહાસચિવ જયરામ રમેશે કહ્યું કે, પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અમેઠી અને રાયબરેલી માટે ઉમેદવારોના નામ નક્કી કરશે.

# RTEની ખાલી બેઠકો માટે બીજો રાઉન્ડ શરૂ કરવામાં આવ્યો

● ખાલી પડેલી ૮૫૬૩ બેઠકો માટે વાલીઓ ૮ મે સુધી પુર્નઃ શાળા પસંદગી કરી શકશે
● જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી, તેમને જ બીજા રાઉન્ડમાં તક મળશે




અમદાવાદ, તા.૪

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત પ્રથમ રાઉન્ડના અંતે ખાલી પડેલી ૮૫૬૩ બેઠકો માટે બીજા રાઉન્ડની જાહેરાત કરાઈ છે. જેમાં બીજા રાઉન્ડ માટે શુક્રવારથી શાળાની પુર્નઃ પસંદગીની કાર્યવાહી શરૂ કરાઈ છે. જેમાં ૮ મે સુધી વાલીઓ પુર્નઃ પસંદગી કરી શકશે. જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળ્યો નથી તેવા વિદ્યાર્થીઓ જ બીજા રાઉન્ડમાં ભાગ લઈ શકશે. પ્રાપ્ત માહિતી અનુસાર, RTEમાં પ્રવેશ શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોની ૨૫ ટકા પ્રમાણે ધો.૧મા પ્રવેશ ફાળવવા માટે ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં ચાલુ વર્ષે રાજ્યની ૯૮૨૮ પ્રાથમિક સ્કૂલોની ૪૫,૧૭૦ જેટલી બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ફોર્મ ભરવાની મુદત પૂર્ણ થઈ ત્યાં સુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૨,૩૫,૩૮૭ જેટલા ફોર્મ ભરાયા હતા. ચકાસણી દરમ્યાન ૨૦,૯૪૪ ફોર્મ અમાન્ય રહેતા તેમને ખૂટતા ડોક્યુમેન્ટ સબમિટ કરવા માટેની મુદત આપવામાં આવી હતી. તમામ ફોર્મની ચકાસણીના અંતે ૧,૭૨,૬૭૫ જેટલા ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ૧૫,૩૧૯ ફોર્મ અધુરા દસ્તાવેજો જેવા જુદા-જુદા કારણોસર અમાન્ય રહ્યા હતા. જ્યારે ૪૭,૩૯૩ જેટલા ફોર્મ અરજદારો દ્વારા કેન્સલ કરવામાં આવ્યા હતા. પ્રથમ રાઉન્ડમાં ૩૯,૯૭૯ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જ્યારે પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે ૫૧૯૧ જગ્યાઓ પસંદગીના અભાવે ખાલી રહેવા પામી હતી. આમ, પ્રથમ રાઉન્ડના અંતે ૫૧૯૧ બેઠકો ખાલી રહી હતી અને પ્રવેશ ફાળવણી બાદ ૩૯,૯૭૯ વિદ્યાર્થીઓ પૈકી ૩૬,૬૦૭ વિદ્યાર્થીઓએ પ્રવેશ કન્ફર્મ કરાવ્યા હતા. જ્યારે ૩૩૭૨ બેઠકો ખાલી પડી હતી. જેથી કુલ ૮૫૬૩ બેઠકો ખાલી પડતા બીજો રાઉન્ડ જાહેર કરાયો છે. બીજા રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓની અરજીઓ માન્ય થયેલી હોય અને RTE પ્રવેશ પ્રક્રિયાના પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ મળેલો નથી માત્ર તેવા જ વિદ્યાર્થીઓને RTE હેઠળની ખાલી જગ્યા ઉપર શાળાઓની પુર્નઃ પસંદગી કરવા તક આપવામાં આવે છે. જે વિદ્યાર્થીઓ RTE હેઠળ કરેલી અરજીમાં પસંદ કરેલી શાળાઓમાં ફેરફાર કરવા માંગતા હોય એટલે કે ખાલી જગ્યા ધરાવતી શાળાઓની પુર્નઃ પસંદગી કરવા માંગતા હોય તેવા વિદ્યાર્થીઓએ ૩ મે, ૨૦૨૪થી ૮ મે, ૨૦૨૪ સુધીમાં RTEના વેબપોર્ટલ ઉપર જઈ શાળાઓની પુર્નઃ પસંદગીનાં મેનુ ઉપર ક્લિક કરી પસંદગી કરી શકશે.

# રાજ્યની ગ્રાન્ટેડ-સરકારી માધ્યમિક સ્કૂલોના જ્ઞાન સહાયકોનો કરાર ૮ મે સુધી લંબાવાયો

અમદાવાદ, તા.૪

રાજ્યની ગ્રાન્ટેડ તથા સરકારી માધ્યમિક સ્કૂલોમાં કરાર આધારિત જ્ઞાન સહાયકોનો કરાર ચૂંટણીના પગલે લંબાવવામાં આવ્યો છે. અગાઉના નિર્ણય અનુસાર જ્ઞાન સહાયકોનો કરાર ૪ મે સુધીનો હતો, પરંતુ રાજ્યમાં ચૂંટણીના પગલે તેમને પણ કામગીરીમાં જોડવામાં આવ્યા હોવાથી હવે તેમનો કરાર ૮ મે સુધીનો કરવામાં આવ્યો છે. રાજ્યમાં જ્ઞાન સહાયક યોજના અંતર્ગત ૧૧ માસના કરાર આધારિત શિક્ષકોની નિમણૂંક કરી શિક્ષકોની કાયમી જગ્યા ન ભરાય ત્યાં વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાની જોગવાઈ કરાઈ છે. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રથમ વખત જ્ઞાન સહાયકોની નિમણૂક કરવામાં આવી હતી. જ્ઞાન સહાયકોની નિમણૂક કરવામાં આવી ત્યારે તેમની મુદત ૪ મે, ૨૦૨૪ સુધી રાખવામાં આવી હતી. આમ વેકેશન પહેલા જ તમામ જ્ઞાન સહાયકોની મુદત પૂર્ણ કરવા માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સૂચના આપવામાં આવી હતી. રાજ્યની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં ૪ મેના રોજ જ્ઞાન સહાયકોની મુદત પૂર્ણ થવાની હતી, પરંતુ શિક્ષણ બોર્ડ દ્વારા તાજેતરમાં પરિપત્ર કરી ઉનાળું વેકેશનમાં ફેરફાર કરવામાં આવ્યો હતો. બોર્ડ દ્વારા કરાયેલા ફેરફાર અનુસાર રાજ્યની માધ્યમિક શાળાઓમાં ૯ મે, ૨૦૨૪થી ૧૨ જૂન, ૨૦૨૪ સુધી ઉનાળું વેકેશન જાહેર કરવામાં આવ્યું છે. જે અનુસાર, હવે જ્ઞાન સહાયકોનો કરાર ૪ મેના બદલે ૮ મે સુધી લંબાવવામાં આવ્યો છે.

# ખાનગી મિલકતોને સમુદાયના ભૌતિક સંસાધનો કહી શકાય કે કેમ તેની ઉપર સુપ્રીમે ચુકાદો અનામત રાખ્યો

રાજ્ય સરકાર વતી સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં જણાવ્યું હતું કે, મ્હાડાની જોગવાઈઓ બંધારણની કલમ 31C દ્વારા સુરક્ષિત છે જે 1971ના 25મા સુધારા અધિનિયમ દ્વારા અમુક DPSPને અસર કરતા કાયદાઓને સુરક્ષિત કરવાના હેતુથી દાખલ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૪

સુપ્રીમ કોર્ટની નવ ન્યાયાધીશોની બેન્ચે તાજેતરમાં એક વેધક કાનૂની પ્રશ્ન ઉપર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો કે, શું ખાનગી મિલકતોને બંધારણની કલમ 39(b) હેઠળ 'સમુદાયના ભૌતિક સંસાધનો' તરીકે ગણી શકાય અને તેને 'સર્વના ભલા' માટે રાજ્ય સત્તાવાળાઓ કબજો લઈ શકે.


મુખ્ય ન્યાયાધીશ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી બંધારણીય બેંચ ૧૬ અરજીઓ ઉપરનો આ પ્રશ્ન સાંભળી રહી છે જેમાં ૧૯૯૨માં મુંબઈ સ્થિત પ્રોપર્ટી ઓનર્સ એસોસિએશન (POA) દ્વારા દાખલ કરવામાં આવેલી લીડ પિટિશનનો સમાવેશ થાય છે.

POAએ મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી (MHADA) એક્ટના પ્રકરણ VIII-Aનો ઉગ્ર વિરોધ કર્યો છે. ૧૯૮૬માં દાખલ કરાયેલ પ્રકરણમાં જો ૭૦ ટકા રહેવાસીઓ પુર્નઃ સ્થાપન હેતુઓ માટે રાજ્ય સત્તાવાળાઓને વિનંતી કરે છે તો તેને આવીઉપકરવાળી ઈમારતો અને જમીન કે જેના ઉપર તે બાંધવામાં આવી છે તે હસ્તગત કરવાની સત્તા આપવામાં આવી છે. MHADA એક્ટ બંધારણની કલમ 39(b)ના અનુસંધાનમાં ઘડવામાં આવ્યો હતો, જે રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો (DPSP)નો એક ભાગ છે અને રાજ્યને 'માલિકી અને નિયંત્રણ' સુરક્ષિત કરવા માટે એક નીતિ બનાવવાનું ફરજિયાત બનાવે છે. કોમ્યુનિટીના ભૌતિક સંસાધનોને સામાન્ય ભલાઈ માટે શ્રેષ્ઠ રીતે વહેંચવામાં આવે છે.

રાજ્ય સરકારે વતિ સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટમાં જણાવ્યું હતું કે, મ્હાડાની જોગવાઈઓ બંધારણની કલમ 31C દ્વારા સુરક્ષિત છે, જે ૧૯૭૧ના ૨૫મા સુધારા અધિનિયમ દ્વારા અમુક DPSPsને અસર કરતા કાયદાઓને સુરક્ષિત કરવાના હેતુથી દાખલ કરવામાં આવી હતી.

કલમ 31C વાંચે છે કે, 'ભાગ IV (DPSP)માં નિર્ધારિત તમામ અથવા કોઈપણ સિદ્ધાંતોને સુરક્ષિત કરવા માટેની રાજ્યની નીતિને અસર કરતો કોઈ કાયદો એ આધાર ઉપર રદબાતલ માનવામાં આવશે નહીં કે તે અસંગત છે અથવા દૂર કરે છે અથવા સંક્ષિપ્ત કરે છે. કલમ ૧૪ અથવા કલમ ૧૯ દ્વારા આપવામાં આવેલ કોઈપણ અધિકારો અને તે આવી નીતિને અમલમાં મૂકવા માટે છે તેવી ઘોષણા ધરાવતો કોઈ કાયદો કોઈપણ અદાલતમાં આ આધાર ઉપર પ્રશ્ન ઉઠાવવામાં આવશે નહીં કે તે આવી નીતિને અસર કરતી નથી.' જસ્ટિસ હૃષિકેશ રોય, બી.વી. નાગરથના, સુધાંશુ ધૂલિયા, જે.બી. પારડીવાલા, મનોજ મિશ્રા, રાજેશ બિંદલ, સતીશ ચંદ્ર શર્મા અને ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બનેલી બેન્ચે, એટર્ની જનરલ આર. વેંકટરામણી અને મહેતા સહિત અનેક વકીલોની દલીલો સાંભળ્યા બાદ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. POA અને અન્યોએ અધિનિયમના પ્રકરણ VIIIAને પડકાર્યો છે, અને દાવો કર્યો છે કે, પ્રકરણની જોગવાઈઓ માલિકો સામે ભેદભાવ કરે છે અને તેમનો નિકાલ કરવાનો પ્રયાસ કરે છે. POA દ્વારા ૧૯૯૨માં મુખ્ય અરજી દાખલ કરવામાં આવી હતી અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ નવ ન્યાયાધીશોની બેન્ચને મોકલવામાં આવે તે પહેલાં તેને ત્રણ વખત પાંચ અને સાત ન્યાયાધીશોની મોટી બેન્ચને મોકલવામાં આવી હતી. મુંબઈએ જૂની જર્જરિત ઈમારતો ધરાવતું ગીચ વસ્તી ધરાવતું શહેર છે જેમાં સમારકામના અભાવે, અસુરક્ષિત હોવા છતાં તેમાં ભાડૂઆતો રહે છે. આ ઈમારતોની મરામત અને પુર્નઃ સ્થાપના કરવા માટે MHADA એક્ટ, ૧૯૭૬ તેના કબજેદારો પર સેસ લાદે છે જે મુંબઈ બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રક્શન બોર્ડ (MBRRB)ને ચૂકવવામાં આવે છે, જે આ 'સેસડ ઈમારતો'ના સમારકામ અને પુર્નઃ નિર્માણની દેખરેખ રાખે છે. મુંબઈમાં લગભગ ૧૩,૦૦૦ ઉપકરવાળી ઈમારતો છે જેને પુર્નઃ સંગ્રહ અથવા પુર્નઃ નિર્માણની જરૂર છે. જો કે, ડેવલપરની નિમણૂક કરવા અંગે ભાડૂતો વચ્ચે અથવા માલિકો અને ભાડૂતો વચ્ચેના મતભેદોને કારણે તેમના પુર્નઃ વિકાસમાં ઘણીવાર વિલંબ થાય છે.

# CAA હેઠળ નાગરીકતા આપવાની પ્રક્રિયા આ મહિનાથી શરૂ થશે : અમિત શાહ



નવી દિલ્હી તા.૪


કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે, ચૂંટણીના અંતિમ તબક્કા પહેલા CAA અંતર્ગત પ્રથમ નાગરીકતા આપવામાં આવશે. અરજીઓ આવવાની શરૂઆત થઈ ચૂકી છે, નિયમો અનુસાર ચકાસણી થઈ રહી છે અને હું વિચારૂં છું કે ઈલેકશન પહેલા, અંતિમ તબક્કા પહેલા નાગરીકતા આપવાની પ્રક્રિયા શરૂ થઈ જશે, શાહે એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું. ભાજપની આગેવાની હેઠળની કેન્દ્રિય સરકારે માર્ચમાં CAA અમલમાં મૂક્યો હતો, જેનાથી ડિસેમ્બર ૨૦૧૪ પહેલાં પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અફઘાનિસ્તાનમાંથી બિનપ્રમાણિત રીતે ભારતમાં પ્રવેશેલા બિન-મુસ્લિમોને નાગરિકતા મેળવવાનો માર્ગ મોકળો બનશે. આ સુધારો ડિસેમ્બર ૨૦૧૯માં સંસદમાંથી પસાર થયાના ચાર વર્ષ પછી લાગુ કરવામાં આવ્યું હતું. કાયદાની સૂચના જાહેર થયા બાદ વિપક્ષી નેતાઓ તરફથી ઉગ્ર ટીકાઓ કરવામાં આવી હતી. તેમણે દાવો કર્યો હતો કે સૂચિત નિયમો 'ગેરબંધારણીય', 'ભેદભાવપૂર્ણ' અને બંધારણમાં સમાવિષ્ટ 'બિનસાંપ્રદાયિક નાગરીકતા'નો ઉલ્લંઘન છે. ઈન્ટરવ્યુ દરમ્યાન શાહે NDAના ૪૦૦થી વધુ બેઠકો મેળવવાના ધ્યેય પ્રત્યે પણ પોતાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તમે ગણતરીના દિવસો (૪ જૂન) બપોરના ૧૨:૩૦ વાગ્યા પહેલા જોઈ શકશો કે મોદીજી ફરીથી ભારતના પ્રધાનમંત્રી બનશે અને આ વચ્ચે ૪૦૦ બેઠક પાર કરવાના અમારા ધ્યેયમાં મને કોઈ અડચણ દેખાતી નથી, તેમણે જણાવ્યું હતું.

# મુકેશ અંબાણી અને અનિલ અંબાણીની ઓછી જાણીતી બહેનો નીના કોઠારી, દિપ્તી સાલગાંવકર

મુંબઈ, તા.૪

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ મુકેશ અંબાણી અને તેમનો પરિવાર જંગી સંપત્તિ ધરાવે છે. તે તેમના અબજો ડોલરના સામ્રાજ્યને કારણે ઘણીવાર ચર્ચામાં સ્થાન મેળવે છે. મુકેશ અંબાણીના ભાઈ અનિલ અંબાણી પણ જાણીતા બિઝનેસમેન છે. તેઓ રિલાયન્સ ગ્રુપના ચેરમેન છે. બંને ભાઈઓ ઘણીવાર ચર્ચામાં રહે છે. પરંતુ શું તમે તેમની ઓછી જાણીતી બહેનો નીના કોઠારી અને દિપ્તી સાલગાવકર વિશે જાણો છો, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક સ્વર્ગસ્થ ધીરૂભાઈ અંબાણી અને તેમના પત્ની કોકિલાબેન અંબાણીને ચાર બાળકો છે; મુકેશ, અનિલ, નીના અને દિપ્તી. જ્યારે ઘણાં લોકો બંને ભાઈઓ વિશે જાણે છે, મુકેશ અંબાણીની બહેનો ઓછી પ્રોફાઈલ ધરાવે છે. જો કે અંબાણી પરિવારના શાનદાર કાર્યક્રમમાં બે મહિલાઓ ઘણીવાર જોવા મળે છે. બંને બહેનો આ વર્ષે માર્ચમાં ગુજરાતના જામનગરમાં અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ સેલિબ્રેશનમાં જોવા મળી હતી. સ્વર્ગસ્થ ધીરૂભાઈ અંબાણીની સૌથી નાની સંતાન દિપ્તી છે. તેમના લગ્ન ૬૨ વર્ષીય દત્તારાજ સાલગાવકર સાથે થયા છે, જેઓ મુકેશ અને અનિલ અંબાણીના બાળપણના મિત્ર છે. આ દંપતીને બે બાળકો વિક્રમ સાલગાવકર અને ઈશેતા સાલગાવકર છે. તે વી.એમ. સાલગાવકર એન્ડ બ્રો ખાતે કોર્પોરેટ કોમ્યુનિકેશનના વાઈસ પ્રેસિડેન્ટ પણ છે. સ્વર્ગસ્થ ધીરૂભાઈ અંબાણીની સૌથી મોટી સંતાન નીના છે અને એક બિઝનેસવુમન છે. તેમણે ૨૦૧૫માં તેમના પતિ ભદ્રશ્યામ કોઠારીના દુર્ભાગ્યપૂર્ણ અવસાન પછી કોઠારી સુગર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડના ચેરપર્સન તરીકે પારિવારિક વ્યવસાય સંભાળ્યો. આ પહેલાં ૨૦૦૩માં તેમણે તેમની ઉદ્યોગસાહસિક કુશળતા બતાવી અને જાવાગ્રીન નામનું નવું સાહસ શરૂ કર્યું. તે એક કોફી ચેઈન હતી જે નાસ્તો, સેન્ડવીચ અને વધુ રાખતી હતી.જો કે પછીથી કંપની બંધ થઈ ગઈ હતી. તેમને બે બાળકો છે મ;પુત્ર અર્જુન કોઠારી અને પુત્રી નયનતારા કોઠારી.

# શું ફેરનેસ ક્રિમ કિડનીના રોગનું જોખમ વધારી શકે છે : નિષ્ણાંતોનો સવાલ



નવી દિલ્હી, તા.૪

● તાજેતરના અભ્યાસમાં ફેરનેસ ક્રિમ અને કિડનીની સમસ્યાઓ વચ્ચે એક સંબંધ જોવા મળ્યો છે.

● સહભાગીઓએ મેમ્બ્રેનસ નેફ્રોપથી વિકસાવી એક એવો વિકાર જે કિડની ફિલ્ટરને નુકસાન પહોંચાડે છે.

● ડોક્ટરે એવી ક્રિમનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું કે જે નિયંત્રિત હોય અને પેકેજિંગ ઉપર ઘટકોની સંપૂર્ણ સૂચિ હોય.

**તાજેતરના અભ્યાસમાં પારાના ઉચ્ચ સ્તરો સાથે ફેરનેસ ક્રીમના વધતા ઉપયોગ અને મેમ્બ્રેનસ નેફ્રોપથી (MN)ના વિકાસ વચ્ચેની એક કડી જોવા મળે છે, જે કિડનીના ફિલ્ટરને નુકસાન પહોંચાડે છે અને પ્રોટીન લીકેજનું કારણ બને છે**

તાજેતરના એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે, ફેરનેસ ક્રીમ ભારતમાં કિડનીની સમસ્યાઓના વધતા કેસ સાથે જોડાયેલી છે. કિડની ઈન્ટરનેશનલ જર્નલમાં પ્રકાશિત એક લેખમાં એસ્ટર એમઆઈએમએસ હોસ્પિટલના સંશોધકોએ દાવો કર્યો હતો કે, અમુક ફેરનેસ ક્રિમમાં પારાનું પ્રમાણ ખૂબ જ ઉચ્ચ હોય છે, જે કિડની ઉપર હાનિકારક અસરો કરી શકે છે. ફેરનેસ ક્રીમ એ દાયકાઓથી સ્કિનકેર માર્કેટનો એક ભાગ છે. આ ક્રિમ એવા ઉત્પાદકો દ્વારા વેચવામાં આવે છે જેઓ દાવો કરે છે કે, આ સ્કીનકેર ઉત્પાદનો ત્વચાના સ્તરને હળવા અથવા તેજસ્વી કરી શકે છે. તેમાં કેટલીકવાર હાઈડ્રોક્વિનોન, સ્ટેરોઈડ્સ અને અન્ય રસાયણો જેવા ઘટકો હોઈ શકે છે જે ત્વચા અને શરીર માટે હાનિકારક હોઈ શકે છે. અભ્યાસમાં પારાના ઉચ્ચ સ્તરો સાથે ફેરનેસ ક્રીમના વધતા ઉપયોગ અને મેમ્બ્રેનસ નેફ્રોપથી (MN)ના વિકાસ વચ્ચે એક કડી જોવા મળે છે, જે કિડની ફિલ્ટરને નુકસાન પહોંચાડે છે અને પ્રોટીન લિકેજનું કારણ બને છે. મેમ્બ્રેનસ નેફ્રોપથી (MN) એક સ્વયંપ્રતિરક્ષા રોગ છે જેમાં તમારૂં શરીર તેના ફિલ્ટરમાં નુકસાનને કારણે તેની પોતાની કિડની ઉપર હુમલો કરે છે. અભ્યાસના પરિણામો દર્શાવે છે કે, કુલ ૨૨ ઘટકોમાંથી આશરે ૬૮% NELL-1 માટે સકારાત્મક પરીક્ષણ કરે છે, જે MNનું એક દુર્લભ સ્વરૂપ છે અને કેન્સર સાથે જોડાયેલું છે. આ અભ્યાસ દરમ્યાન ભાગ લેનારા લોકોને થાક, એડીમા, પેશાબમાં વધારો અને તેમના પેશાબમાં પ્રોટીનનું સ્તર વધવાના લક્ષણોનો અનુભવ થયો. એક દર્દીને સેરેબ્રલ વેઈન થ્રોમ્બોસિસ થયો હતો જેના કારણે તેના મગજમાં લોહીનો ભરાવો થયો હતો પરંતુ બધામાં રેનલ ફંક્શન બરાબર કામ કરતું હતું. એવું જાણવા મળ્યું છે કે, મોટાભાગના દર્દીઓ તેમના લક્ષણોની શરૂઆત પહેલાં ત્વચા-ફેરનેસ ક્રીમનો ઉપયોગ કરે છે.

**શું ફેરનેસ ક્રીમ કિડનીને નુકસાન પહોંચાડી શકે છે ? :-**

અમુક ફેરનેસ ક્રીમમાં રહેલા પારાના ઊંચા સ્તરો કિડનીને કેવી રીતે અસર કરી શકે છે તે સમજવા માટે સંશોધકોએ ડોક્ટરો સાથે વાત કરી હતી. એક્સ પરની એક પોસ્ટમાં અભ્યાસના સંશોધકોમાંના એક ડો.સજીશ શિવદાસે લખ્યું, 'તે (ફેરનેસ ક્રિમ) છેલ્લા બે વર્ષમાં અમારી હોસ્પિટલમાં નેફ્રોટિક સિન્ડ્રોમનું મુખ્ય કારણ બની ગઈ છે. આ ક્રિમ ભારતના અનિયંત્રિત બજારોમાં વ્યાપકપણે ઉપલબ્ધ છે અને ઝડપી પરિણામોનું વચન આપે છે, પરંતુ તેના માટે વપરાશકર્તાઓએ શી કિંમત ચૂકવવી પડે છે?વપરાશકર્તાઓને તેનું લગભગ વ્યસન જેવું જ થઈ જાય છે, કારણ કે, ઉપયોગ બંધ કરવાથી ત્વચા વધુ કાળી થઈ જાય છે.' PSRI હોસ્પિટલના ડર્મેટોલોજીના કન્સલ્ટન્ટ ડો.ભાવુક ધીરે જણાવ્યું હતું કે, લોકોએ 'અનિયંત્રિત' ફેરનેસ ક્રિમ ઉપર ધ્યાન આપવું જોઈએ. ડો.ભાવુક ધીરે મીડિયાને જણાવ્યું, 'કેટલીકવાર અમુક ક્રિમમાં ઘણા બધા દૂષકો અને ઘટકો હોય છે જેનો ઘટકોની સૂચિમાં ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અથવા તો તેનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો નથી તેથી આપણે સાવચેત રહેવું જોઈએ.' આકાશ હોસ્પિટલના ડર્મેટોલોજી, વેનેરોલોજી અને લેપ્રોલોજી કન્સલ્ટન્ટ ડો.મીનુ મલિકે જણાવ્યું હતું કે, કોઈએ એવું ન માની લેવું જોઈએ કે તમામ ફેરનેસ ક્રિમ ખરાબ છે પરંતુ પ્રતિબંધિત સક્રિય એજન્ટો ધરાવતી હોય તેવી ક્રીમનો ઉપયોગ ન કરવો જોઈએ. ડો. મીનુ મલિકે કહ્યું કે, 'કોઈપણ ફેરનેસ ક્રીમમાં મર્ક્યુરી લેવલ પ્રતિ મિલિયન એક ભાગથી વધુ અથવા પારાના એક ગ્રામ દીઠ એક માઈક્રોગ્રામથી વધુ ન હોવો જોઈએ. પરંતુ આપણે હજી પણ આખી દુનિયામાં આમાંથી ઘણી ક્રિમ જોઈએ છીએ જેમાં પારાનું ઘણું ઊંચું પ્રમાણ હોય છે અને તેથી વ્યાપકપણે નુકસાનકારક અસરો જોવા મળે છે.' ડો. ધીરે જણાવ્યું હતું કે, અમુક ક્રીમમાં પારાના ઊંચા સ્તરો કિડનીમાં જમા થાય છે, જ્યાં રોગપ્રતિકારક તંત્ર તેને એન્ટિજેન તરીકે ઓળખે છે. 'આ સાથે શરીર પ્રતિક્રિયા આપે છે અને તે પોતાની કિડની ઉપર હુમલો કરવાનું શરૂ કરે છે.' ડો.ધીરે જો કે કહ્યું કે, 'જો તમે કોઈ એવી ચોક્કસ ક્રીમ અથવા મોઈશ્ચરાઈઝરનો ઉપયોગ કરો છો જેમાં ઘટકોની સૂચિ દૃશ્યમાન હોય અને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ દ્વારા નિર્ધારિત તમામ નિયમો અને નિયમોનું પાલન કરવામાં આવેલ હોય તો તમે સુરક્ષિત છો.' ત્વચા સંભાળ અંગે નિષ્ણાતે ત્વચારોગ વિજ્ઞાનીઓ અથવા લાયક પ્રેક્ટિશનરો દ્વારા ભલામણ કરેલ ઉત્પાદનોનો ઉપયોગ કરવાની સલાહ આપી. નિષ્ણાતે જણાવ્યું હતું કે, ઝેરી ઘટકોને કારણે અનિયંત્રિત સ્કિનકેર ઉત્પાદનોને કારણે કિડનીની સમસ્યાઓ છેલ્લાં કેટલાક વર્ષોમાં એકદમ સામાન્ય છે. ડો.ધીરે કહ્યું કે, 'ભારતમાં જો કે, આ ઉત્પાદનોના ઉત્પાદક અને ઘટકોના પ્રદર્શનને નિયંત્રિત કરતા નિયમો છે. પરંતુ તે મોટે ભાગે એલોપેથિક દવાઓ ઉપર લાગુ થાય છે પરંતુ વૈકલ્પિક દવાઓ ઉપર નહીં.' તેમણે ઉમેર્યું હતું કે, અમુક વૈકલ્પિક ઉત્પાદનો 'ફેરનેસ સોલ્યુશન'ની આડમાં વેચાય છે પરંતુ વાસ્તવમાં તેમાં એવા ઘટકો હોય છે જે ત્વચા અને બાકીની સિસ્ટમ માટે હાનિકારક હોય છે. અભ્યાસ અંગે ડો.મલિકે કહ્યું કે, ગભરાવાની જરૂર નથી, પરંતુ વ્યક્તિએ તેમની ત્વચા ઉપર શું લગાવી રહ્યા છે તેના ઉપર ધ્યાન આપવું જોઈએ.

પારાની આડઅસર માત્ર વ્યક્તિ પૂરતી મર્યાદિત નથી. જો સ્તનપાન કરાવતી માતા લાંબા સમય સુધી પારોથી ભરેલી ફેરનેસ ક્રીમનો ઉપયોગ કરતી હોય તો તે મોટાભાગે બાળકમાં પણ ફેલાશે. ડો.મલિકે જણાવ્યું હતું કે, પારાની આડઅસરથી ૧૦ મહિના સુધીના બાળકો પ્રભાવિત થયા હોવાના કેસના અહેવાલો છે. ફેરનેસ ક્રિમથી પારાના આડઅસરના પ્રારંભિક લક્ષણોમાં સ્લેટ ગ્રે હાઈપરપીગ્મેન્ટેશન અથવા ત્વચા ફોલ્ડનો સમાવેશ થાય છે. ડો.મલિકે જણાવ્યું હતું કે, ત્વચા ઉપર ફોલ્લીઓ, હાઈ બ્લડ પ્રેશર, વજનમાં ઘટાડો, ભૂખ ન લાગવી, માથાનો દુઃખાવો, ધ્રુજારી અને થાક માટે તપાસો. આ એવા સંકેતો છે કે, ક્રિમ આપણા અંગો ઉપર અંદરથી આડઅસરો પેદા કરી રહી છે. તેમણે ઉમેર્યું કે, જો તમને ખબર પડે કે તમારી ફેરનેસ ક્રીમમાં પારો છે તો તેને ડસ્ટબીનમાં ફેંકવાને બદલે તેને સીલબંધ પ્લાસ્ટિક બેગમાં લપેટી લ્યો અને પછી તેનો નિકાલ કરો. તાત્કાલિક ડોક્ટરની સલાહ લો અને લોહી અને પેશાબમાં તમારા પારાના સ્તરની તપાસ કરો જેથી જરૂરી પગલાં લઈ શકાય.

# પૂજ્ય સંત આશારામજી બાપુના અવતરણ દિવસને "માનવસેવા એ જ પ્રભુ સેવા"તરીકે ઉજવાયો





જૂનાગઢ, તા.૪

સંત શ્રી આશારામજી બાપુના અવતરણ દિવસને "વિશ્વ સેવા સત્સંગ દિવસ"તરીકે દેશ વિદેશમાં ઉજવવામાં આવે છે. આ પ્રસંગે શ્રી યોગ વેદાંત સેવા સમિતિ જૂનાગઢ તરફથી જુનાગઢના અલગ -અલગ વૃદ્ધાશ્રમોમાં આઈસ્ક્રીમ વિતરણ અને વડીલ વંદના, સિવિલ હોસ્પિટલમાં જરૂરિયાતમંદ દર્દીઓમાં ફ્રુટ વિતરણ, અંધ કન્યા છાત્રાલયમાં આઈસ્ક્રીમ વિતરણ, જૂનાગઢની ઝુંપડપટ્ટી વિસ્તારોમાં પ્રસાદ વિતરણ તેમજ જૂનાગઢના રાણાવાવ ચોક સેન્ટ્રલ એરિયામાં બહુવિધ લોકોએ શરબત વિતરણ દ્વારા લાભ લીધો હતો. આ પ્રસંગે શ્રી યોગ વેદાંત સેવા સમિતિ અને રાષ્ટ્ર વંદના મંચ જૂનાગઢ જિલ્લાના અધ્યક્ષ રામભાઈ ભુતીયા તેમજ સમિતિના ભાઈઓએ વિશેષ સેવા આપી હતી.

# ગીર સોમનાથમાં આવેલ છે મહાપ્રભુજીની પાવનકારી બેઠક

## પ્રભાસ પાટણ, ગુપ્તપ્રયાગ, જૂનાગઢ અને માધવપુર સહિત ગુજરાતમાં મહાપ્રભુ વલ્લભાચાર્યની ૮૪ માંથી






(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ પાટણ તા. ૪

ચૈત્ર વદ એકાદશીના પાવન દિવસે પાવનકારી શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીનો પ્રાગટય દિવસ છે. પ્રભાસ પાટણના દેહોત્સર્ગ સંકુલમાં આવેલ શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક આવેલ છે. પવિત્ર ત્રિવેણી સંગમ સમીપ આવેલ આ સ્થાને વલ્લભાચાર્યજી મહાપ્રભુજીએ સાત દિવસ સુધી શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યુ હતું અને સમગ્ર ભારતમાં આવી ૮૪ બેઠકો છે. જેમાંની આ ૬૫ મી બેઠક છે.

શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ સમગ્ર ભારતમાં તિર્થયાત્રા કરીને જે સ્થળોએ ભાગવત કથા કરી તેમાં ગીર સોમનાથના ઉના પાસે આવેલ ગુપ્તપ્રયાગ દેલવાડા ખાતે પણ મહાપ્રભુજીની બેઠક આવેલી છે. જૂનાગઢ ખાતે દામોદરરાય મંદિર અને મુચકુંદ ગુફાના વચ્ચેના ભાગમાં આ બેઠક આવેલી છે. માધવપુર ખાતે શ્રી મહાપ્રભુજીની બેઠક વેરાવળથી પોરબંદર જતા રસ્તા હાઈવે ઉપર આવેલી છે.

આમ સમગ્ર ગુજરાતમાં પાવનકારી આવી ૨૦ બેઠકો આવેલી છે. જેમાં મોટાભાગની સૌરાષ્ટ્રમાં છે. સુરત- ૫૩ મી બેઠક, ભરૂચ ૫૪ મી બેઠક, મોરબી ૫૫ મી બેઠક, જામનગર ૫૬ મી બેઠક, ખંભાળીયામાં ૫૭મી બેઠક, પિંડતારકમાં ૫૮મી બેઠક, મુળ ગોમતામાં ૫૯ મી બેઠક, દ્વારકામાં ૬૦ મી બેઠક, ગોપીતળાવમાં ૬૧ મી બેઠક, બેટ શંખોદ્વાર (દ્વારકા), નારાયણ સરોવર ૬૩ મી બેઠક, જૂનાગઢમાં ૬૪ મી બેઠક, પ્રભાસ પાટણમાં ૬૫ મી બેઠક, માધવપુરમાં ૬૬ મી બેઠક, ગુપ્તપ્રયાગમાં ૬૭ મી બેઠક, તગડી (અમદાવાદ), નરોડા-અમદાવાદ ૬૯ મી, ગોધરા ૭૦મી બેઠક, ખેરાળુ ૭૧ મી બેઠક, સિધ્ધપુર ૭૨ બેઠક આમ આ તમામ ઈતિહાસ રસિક લેખકોના લેખનમાં લેખન કરાયું છે.

# સરકારી માધ્યમિક શાળા દુધાળા ગીરમાં મતદાન જાગૃતિ માટે કાર્યક્રમો યોજાયા



જૂનાગઢ, તા.૪

સરકારી માધ્યમિક શાળા દુધાળા ગીરમાં લોકશાહીના મહાપર્વ ૭મેના રોજ આવનારી ચૂંટણીમાં મતદાન જાગૃતિ માટેની થીમ આધારિત મહેંદીની ડિઝાઈન વિદ્યાર્થીઓએ હાથમાં મહેંદી મૂકી લોકોને મતદાન માટે પ્રેરણા આપી." ચૂંટણી એ લોકશાહીનો પ્રાણ છે."

લોકશાહીમાં જાગૃત નાગરિક તરીકે પોતાનો મત આપવો જોઈએનો સંદેશો લોકો સુધી પહોંચાડ્યો.બીજા દિવસે શાળાના પ્રાર્થના હોલમાં ફૂલોથી બનાવેલી રંગોળી અને રંગોળીની બાજુમાં "મારો મત મારો અધિકાર." ' વોટ ફોર ઈન્ડિયા.' જેવા સ્લોગન દ્વારા "મતદાન મહાદાન" અભિયાનને સફળ બનાવ્યું હતું. વિદ્યાર્થીની ખુબ જ સુંદર કામગીરી બદલ શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા વિદ્યાર્થીઓમાં ખૂબ નાની ઉંમરમાં લોકશાહીના આ પર્વ માટે અનેરો ઉત્સાહ જોવા મળ્યો તો આપણે પણ સૌ પરિપકવ -જાગૃત નાગરિક આપણા મતનો ઉપયોગ કરીએ અને ૭મી ના રોજ બિનચૂક મતદાન કરીએ.

## પોલિસીનું પ્રીમિયમ ૧૦ થી ૧૫% વધી શકે છે

# વીમા કંપનીઓની વિવિધ પોલિસીના પ્રીમિયમમાં ફેરફાર કરવા વિચારણા

## વીમા કંપનીઓ ઈ-મેલ દ્વારા ગ્રાહકોને માહિતી આપી રહી છે

નવી દિલ્હી, તા.૪

જો તમારી પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ છે અને તેનું રિન્યૂઅલ છે, તો આ સમાચાર ચોક્કસ તમારા માટે જ છે. હા, વીમા રેગ્યુલેટર IRDAIએ તાજેતરમાં નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ પછી વીમા ક્ષેત્રમાં કેટલાક ફેરફારો થઈ શકે છે. તેની અસર ભવિષ્યમાં વીમા પ્રિમીયમ પર જોવા મળી શકે છે. નવા નિયમ અનુસાર, હવે તમારે વીમા દાવા માટે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડશે. અગાઉ આ સમય મર્યાદા ચાર વર્ષની હતી. IRDAI દ્વારા કરવામાં આવેલા ફેરફારો બાદ વીમા કંપનીઓ વિવિધ પોલિસીના પ્રીમિયમમાં ફેરફાર કરવા પર વિચાર કરી રહી છે.

ACKO જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના વાઈસ ચેરમેન રુપિન્દરજીત સિંહે જણાવ્યું હતું કે કેટલીક વીમા કંપનીઓ પ્રીમિયમમાં ૧૦% થી ૧૫% વધારો કરી શકે છે. IRDAI દ્વારા તાજેતરના ફેરફારોમાં, એક નિયમ એવો પણ છે કે હવે સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદવા માટે કોઈ વય મર્યાદા નથી. અગાઉ આ મર્યાદા ૬૫ વર્ષની હતી. તેમણે કહ્યું કે વધતી ઉંમર સાથે રોગનું જોખમ વધે છે, તેથી પ્રીમિયમની રકમ પણ ઉંમર પ્રમાણે વધારી શકાય છે.

HDFC ERGO એ પ્રીમિયમમાં ફેરફાર વિશે ગ્રાહકોને પહેલેથી જ જાણ કરી દીધી છે. HDFC ERGO કહે છે કે કંપની સરેરાશ ૭.૫% થી ૧૨.૫% પ્રીમિયમ વધારશે. વીમા કંપનીઓ પણ ઈ-મેલ દ્વારા ગ્રાહકોને આ અંગેની માહિતી આપી રહી છે. વીમા કંપનીઓ દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કહેવામાં આવ્યું હતું કે તમને સારો પ્લાન આપવા માટે પ્રીમિયમ રેટમાં થોડો વધારો કરવો પડશે. એક રિપોર્ટ અનુસાર, ૨૦૧૯ થી ૨૦૨૪ સુધીના છ વર્ષમાં સરેરાશ રકમ ૪૮% વધીને ૨૬,૫૩૩ રૂપિયા થઈ ગઈ છે. આ વધારા માટે બે કારણો જણાવવામાં આવી રહ્યા છે. પ્રથમ, સારવારના ખર્ચમાં ઝડપી વધારો અને બીજું, કોવિડ-૧૯ રોગચાળા પછી આરોગ્ય વીમા વિશે લોકોમાં જાગૃતિ વધી રહી છે. વીમા યોજનાની કામગીરીની સમીક્ષા કરવાની સાથે કંપનીઓએ સારવારના ખર્ચમાં થયેલા વધારાને પણ ધ્યાનમાં લીધા છે. તમારી ઉંમર અને શહેર પર આધાર રાખીને, પ્રીમિયમમાં થોડો વધારે કે ઓછો વધારો થઈ શકે છે. HDFC Ergo કહે છે કે પ્રીમિયમમાં વધારો થોડો પરેશાન કરી શકે છે પરંતુ તે જરૂરી હોય ત્યારે જ કરવામાં આવે છે. આ IRDAI ને જાણ કરીને કરવામાં આવે છે. દરોમાં આ ફેરફાર રિન્યુઅલ પ્રીમિયમને અસર કરી શકે છે. ઈન્સ્યોરન્સના રિન્યુંની તારીખ જેમ જેમ નજીક આવશે તેમ પૉલિસીધારકોને આ વિશે જાણ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે જો વય સંબંધિત સ્લેબ દર પાંચ વર્ષે બદલાય છે, તો પ્રીમિયમ સરેરાશ ૧૦% થી ૨૦% સુધી વધી શકે છે. આવું એટલા માટે થાય છે કારણ કે વીમા કંપનીઓએ તેમના ખર્ચાઓનું ધ્યાન રાખવું પડે છે. ઉપરાંત, ભારતમાં તબીબી ફુગાવો લગભગ ૧૫%છે, જે પ્રીમિયમમાં વધારો કરવાનું બીજું કારણ છે. એક ઓનલાઈન ઈન્સ્યોરન્સ બ્રોકરના ડેટા અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં હેલ્થ ઈન્સ્યોરન્સ લેનારા લોકો દ્વારા ચૂકવવામાં આવતી સરેરાશ રકમમાં નોંધપાત્ર વધારો થયો છે.

## રાજ્યમાં અંગ દઝાડતી ગરમી પડશે

# હવામાન વિભાગે કેટલાક વિસ્તારોમાં આપ્યું યલો એલર્ટ

## સૌરાષ્ટ્રમાં હોટ અને હ્યુમિડ વાતાવરણ રહેવાની શક્યતા

અમદાવાદ, તા.૪

રાજ્યમાં હાલ ગરમીમાં થોડી રાહત છે પણ આગામી ત્રણ દિવસ પછી અંગ દઝાડતી ગરમી પડશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે રાજ્યના લોકોએ વધુ ગરમીનો સામનો કરવા માટે તૈયાર રહેવું પડશે. હવામાન વિભાગ અનુસાર ૫ મેથી રાજ્યમાં કાળઝાળ ગરમી પડશે. ૭ મે ના રોજ અમદાવાદનું તાપમાન ૪૩ ડિગ્રી સુધી જઈ જશે છે. ત્રણ દિવસ બાદ અમદાવાદનું તાપમાન ૪૧થી ૪૩ ડિગ્રી સુધી જઈ જશે. ત્રણ દિવસ બાદ ફરી રાજ્યમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગ અનુસાર સૌરાષ્ટ્રમાં હોટ અને હ્યુમિડ વાતાવરણ રહેવાની શક્યતા છે. રાજ્યમાં ત્રણ દિવસ બાદ ફરી યેલો અલર્ટ આપવામાં આવ્યું છે. ૫ મેથી કચ્છ, પોરબંદર, ગીરસોમનાથ અને ભાવનગરમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. સુરેન્દ્રનગરમાં સૌથી વધુ ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું છે જ્યારે અમદાવાદમાં ૪૧ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

દિલ્હી-એનએસીઆરમાં દિવસ દરમિયાન સપાટી પરના મજબૂત પવનની અપેક્ષા છે. તે જ સમયે, હવામાન શુષ્ક રહેશે. દિલ્હીનું લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ રહેશે.

તે જ સમયે શનિવારે સામાન્ય રીતે વાદળછાયું રહેશે અને તાપમાનમાં વધારો થશે, પરંતુ હળવા વરસાદ અને ઝરમર ઝરમરની પણ સંભાવના છે, જેના કારણે લોકોને ગરમીથી રાહત મળી શકે છે. દેશના મોટાભાગના રાજ્યોમાં હવામાન ચોખ્ખું રહેશે. બિહાર, ઓડિશા, પશ્ચિમ બંગાળ, આંધ્ર પ્રદેશના દરિયાકાંઠાના વિસ્તારો, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને તેલંગાણામાં હીટવેવની ચેતવણી જારી કરવામાં આવી હતી.

કોંકણ-ગોવા, કોસ્ટલ કર્ણાટક, કેરળ અને તમિલનાડુ-પુડુચેરીમાં ગરમીની સાથે ભેજ મુશ્કેલી સર્જશે. તટીય આંધ્ર પ્રદેશમાં વાવાઝોડા અને વીજળીને લઈને ચેતવણી પણ જારી કરવામાં આવી છે.

આ સાથે જ ગુજરાતમાં હીટવેવને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઉત્તર-પૂર્વના રાજ્યો આસામ, મેઘાલય, અરુણાચલ પ્રદેશ ઉપરાંત જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં વાવાઝોડા અને વીજળી પડવાની પીળી ચેતવણી જારી કરવામાં આવી છે.

ઉત્તરાખંડમાં હવામાન શુષ્ક અને તડકો રહેવાની સંભાવના છે, જેના કારણે તાપમાનમાં વધારો થવાની સંભાવના છે. ગુરુવારે દૂનમાં સવારથી જ તડકો હતો. જો કે સવારે હળવી ઠંડકનો અનુભવ થયો હતો. આ સાથે જ શનિવારથી રાજ્યમાં ફરી એકવાર હવામાનમાં પલટો આવી શકે છે. રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં આંશિકથી મુખ્યત્વે વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. હિમાચલ પ્રદેશમાં ૪ અને ૫ મેના રોજ રાજ્યમાં કેટલાક સ્થળોએ વાવાઝોડા અને વીજળીને લઈને યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. રાજ્યમાં ૪ મેથી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ ફરી એકવાર સક્રિય થવાની ધારણા છે. જો કે, તેની વધુ અસર થશે નહીં.

## લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે યોજના

# મતદાન કરનાર લોનધારકો પાસે લોનમાં ૧% ઓછું વ્યાજ લેવામાં આવશે

વડોદરા, તા.૪

ગુજરાતમાં મતદાન ના દિવસે લોકો વધુમાં વધુ મતદાન કરે તે માટે વડોદરા શહેરના બરાનપુરા સ્થિત આવેલ શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિમિટેડ દ્વારા એક નવી યોજના બહાર પાડવામાં આવી છે. જેમાં ખાસ કરીને તા.૭મે થી પાંચ દિવસ સુધી સભાસદોને ફિક્સ ડિપોઝીટ (એફ.ડી.)પર અડધો ટકા વધારો કરાશે, જ્યારે લોન મેળવનાર તથા તેમના જામીનદારોએ મતદાન કર્યું હશે તેવા લોનધારકો પાસે લોનમાં ૧% ઓછું વ્યાજ લેવામાં આવશે. આ અંગેની જાહેરાત અધ્યક્ષ ગૌરવ પવળે દ્વારા કરવામાં આવી છે. શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. પોતાની એક આગવી ઓળખ ધરાવે છે અને તેના પારદર્શી વહિવટ તથા સભાસદોના સાથે જ દેશ હિતના કાર્યોને ધ્યાનમાં રાખીને હવે મંડળીનો વિકાસ વિસ્તાર થયો છે. શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. ના અધ્યક્ષ ગૌરવ પવળેની કાર્ય સૂઝબૂઝ અને દીઘર્દ્રષ્ટિના પરિણામે હજારો સભાસદોએ શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. પર પોતાનો ભરોસો મૂકેલો છે.આ શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. પોતાના સભાસદોને પોતાના ભગવાન માને છે અને તેઓના હિતમાં સાથે જ દેશના હિતમાં સદા તત્પર રહે છે. ત્યારે છેલ્લા છ વર્ષથી દરેક ચૂંટણીમાં લોકશાહી પર્વના ઉત્સાહમાં વધારો થાય અને લોકો વધુને વધુ મતદાન કરે તેવી જાગૃતિ સાથે શ્રી છત્રપતિ શિવાજી સહકારી મંડળી લિ. દ્વારા કાર્ય કરવામાં આવી રહ્યું છે. અને સભાસદોને મતદાન મથકો સુધી લઈ જવાનું કાર્ય કરાઈ રહ્યું છે.

## અમેરિકામાં ૬ લાખ ડોલરનું ફ્રોડ

# અમેરિકામાં ફ્રોડ કરનારા સતીષ પટેલને ૩૨ મહિનાની જેલ થઈ

## ૨૦૧૦માં મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને ઈલીગલી અમેરિકા આવેલા સતીષ પટેલને સજા પૂરી થતાં જ ઈન્ડિયા ડિપોર્ટ કરવામાં આવે તેવી પૂરી શકયતા

અમદાવાદ, તા.૪

અમેરિકામાં છ લાખ ડોલરનું ફ્રોડ કરવાના મામલામાં મૂળ ગુજરાતી સતીષ પટેલને કોર્ટે બે વર્ષ અને આઠ મહિનાની સજા ફટકારી છે. સતીષ પટેલને જેલની સજા ભોગવવાની સાથે તેણે ૬,૩૧,૩૩૬ ડોલર પણ સરકારને ચૂકવવાના રહેશે, મતલબ કે તેણે ઠગાઈના ધંધામાં જેટલી કમાણી કરી હોવાનો આરોપ છે તે બધી તેને પાછી આપી દેવી પડશે, અને સાથે જ અઢી વર્ષથી પણ વધુ સમય સુધી જેલમાં પણ રહેવું પડશે. સતીષ પટેલ અમેરિકનોને ટેલીફોન સ્કેમ્સ મારફતે ઠગતા એક ગ્રુપ સાથે સંકળાયેલો હતો, આ ગ્રુપ અમેરિકા ઉપરાંત ઈન્ડિયાથી પણ ઓપરેટ કરતું હતું. સતીષ પટેલને ફટકારવામાં આવેલી સજાના મેમોરેન્ડમ અનુસાર આ ઠગ જે ગેંગ સાથે સંકળાયેલો હતો તે અમેરિકામાં સિનિયર સિટીઝન્સને ટાર્ગેટ કરતી હતી. આવા લોકોને એવું કહેવામાં આવતું હતું કે તેમનું બેંક અકાઉન્ટ જોખમમાં છે, અને જો તમારે તમારા પૈસા બચાવવા હોય તો તાત્કાલિક તેને વિડ્રો કરી સરકારી અધિકારીને આપી દો.

ઠગો દ્વારા આપવામાં આવતી ચેતવણીથી ડરી ગયેલા લોકો પોતાના બેંક અકાઉન્ટમાંથી બધી રકમ વિડ્રો કરી લેતા હતા, અને ત્યારબાદ ફોન કરનારા ફ્રોડ લોકો તેમના ઘરે પોતાના માણસને મોકલી તે રકમ કલેક્ટ કરાવી લેતા હતા. વિક્ટિમને ત્યારે એવું આશ્વાસન આપવામાં આવતું હતું કે સ્થિતિ સામાન્ય થતાં જ તેમને આ રકમ પાછી આપી દેવાશે, પરંતુ ટાર્ગેટ પાસેથી પૈસા મળતાં જ ફ્રોડ ગેંગ તેની સાથેના તમામ સંપર્ક કાપી નાખતી હતી.

આ સિવાય ઘણીવાર વિક્ટિમને તેમના પર કેસ થયો હોવાનું જણાવીને પણ ડરાવવામાં આવતા હતા, અને જો તેમાં ધરપકડથી બચવું હોય તો અમુક રકમ આપવી પડશે તેવું કહીને પણ તેમની પાસેથી પૈસા પડાવવામાં આવતા હતા. સતીષ પટેલની ગેંગ દ્વારા કેલિફોર્નિયાની એક વૃદ્ધ મહિલાને ડરાવી-ધમકાવીને તેની પાસેથી ૩.૮૦ લાખ ડોલર પડાવવામાં આવ્યા હતા. કોર્ટ ડોક્યુમેન્ટ્સ અનુસાર પોતાની સાથે થયેલી આ ઠગાઈને કારણે ૭૦ વર્ષની ઉંમરે આ મહિલા પાસે કશુંય નહોતું બચ્યું અને તે એવી કફોડી સ્થિતિમાં આવી ગઈ હતી કે તેને કિડનીની બીમારી હોવા છતાંય પાર્ટ ટાઈમ જોબ શોધવા માટે ભટકવાનો વારો આવ્યો હતો. આવા જ બીજા એક કેસમાં સ્કેમર્સે વિક્ટિમને કંપની દ્વારા ભૂલથી તેમના અકાઉન્ટમાં પૈસા જમા થઈ ગયા છે તેવું જણાવીને તેમના અકાઉન્ટમાં રહેલી રકમ ઉપાડી લઈ પરત આપવા જણાવ્યું હતું.

આ સ્કેમમમાં સામેલ સતીષ પટેલ પર અન્ય ગઠિયાને નકલી નામ આપવાનો તેમજ વિક્ટિમને જ્યાં પૈસા મોકલવાનું કહેવાતું તે જગ્યાનું એડ્રેસ પૂરું પાડવાનું અને અમુક કેસમાં વિક્ટિમના ઘરે જઈને પૈસા કલેક્ટ કરી આવવાનો આરોપ લાગ્યો હતો.

સતીષ પટેલે વાયર ફ્રોડ અને મેઈલ ફ્રોડના આરોપમાં પોતાનો ગુનો કબૂલી લીધો હતો. આ સ્કેમ થયું તે દરમિયાન સતીષ પટેલ શિકાગોની બહારના એરિયામાં ઓપરેટ કરતો હતો, જોકે તેની ગેંગ જે એડ્રેસ પર વિક્ટિમ્સને પૈસા મોકલવા માટે કહેતી હતી તે કેન્ટુકીનું હોવાથી સતીષ સામે કેન્ટુકીમાં જ કેસ નોંધાયો હતો. સતીષ પટેલના વકીલ બ્રાન્ડન સ્ટોર્મ દ્વારા સેન્ટન્સિંગ મેમોમાં જણાવાયું હતું કે તેનો ક્લાયન્ટ જુગાર રમવાની સાથે દારૂ પીવાની આદત ધરાવતો હતો, આ સિવાય તેને પોતાના પરિવારની જરૂરિયાતો પણ પૂરી કરવાની હતી જેના માટે તેને પૈસાની જરૂર હતી અને આ જ કારણે તે આ કાંડમાં સામેલ થયો હતો. કોર્ટમાં રજૂ કરવામાં આવેલા ડોક્યુમેન્ટ્સ અનુસાર સતીષ પટેલ ૨૦૧૦માં મેક્સિકો બોર્ડર ક્રોસ કરીને અમેરિકામાં આવ્યો હતો અને સજા પૂરી થાય બાદ તેને ડિપોર્ટ કરવામાં આવી શકે છે. અમેરિકાના ડિસ્ટ્રિક્ટ જજ રોબર્ટ ઈ. વીયરે સતીષ પટેલને મંગળવારના રોજ બે વર્ષ અને આઠ મહિનાની જેલની સજા ફટકારી હતી.

# શ્રી મહાપ્રભુજી પ્રાગટય દિન



વિક્રમના સોળમાં સૌકામાં ભારતદેશ મુસ્લિમ આક્રમણોથી ટેવાય ગયો હતો. ચારેકોર નિરાશા ફેલાઈ ગઈ હતી.લોકો માંથી શ્રધ્ધાભક્તિ ઊઠી જાય તેવા દિવસો હતા. હિંદુઓની ધાર્મિક ભાવનાઓને માર્ગદર્શન આપનારું કોઈ ન હતું. બધા અધર્મી પોતાને જ ઈશ્વર માની બેસી ગયા હતા. કલેશ-કંકાસ-કજિયા સ્વાર્થ વગેરેમાંથી કોઈ ઊંચા આવતા ન હતા. ધાર્મિક ભાવના અસ્તવ્યસ્ત થયેલી જોવા મળતી હતી. પાંખડી, વહેમી, ધુતારોનું સામ્રાજ્ય ફેલાઈ ગયું હતું. ધર્મ કરતાં પંથ અને માન્યતાઓ વધીગયા હતા. તેવા સમયે............ "એક શાસ્ત્રમ દેવકી પુત્ર ગીતમ, એકો દેવો દેવકી પુત્ર એવ, મંત્રોડપિ એકઃ તસ્ય નામાનિયાન, કર્મોપિ એક તસ્થ દેવસ્ય સેવા."

લોકવાયકા પ્રમાણે શ્રી જગન્નાથપ્રભુએ પ્રમાણિત કરેલા આ શ્લોકના પ્રચાર અને પ્રસાર કરનાર પરમપાવન શ્રી વલ્લભાચાર્યજીનો જન્મ અલૌકિક રીતે વિક્રમ સવંત ૧૫૩૫ ના ચૈત્રવદ અગિયારસના રોજ આંધ્રપ્રદેશના રોજ છતીસગઢમાં ચૌડા ગામ પાસેના ચંપારણ્ય વનમાં થયો હતો.

મહાપ્રભુ વલ્લભાચાર્યનો જન્મ સાતમાં મહીને થયો હતો. જન્મ સમયે નાનકડા દેહમાં ચેતન દેખાતું નહોતું. તેથી પ્રભુને મૃત ગણી તેમના માતા-પિતા પ્રભુને વસ્ત્રમાં લપેટી નજીકના ખીજડાના જીર્ણ વૃક્ષ ની બખોલમાં મૂકી આવ્યાં. વન્ય પ્રાણીથી તેમને રક્ષણ આપવા આજુબાજુ ઝાડી,ઝાંખરા, ઘાસ,નાનાં નાનાં લાકડા વગેરે સળગાવ્યાં. અગ્નિની ગરમીને કારણે બાળકમાં ચેતન આવ્યું અને તેના રડવાનો અવાજ સંભળાયો. માતા-પિતા અતિ પ્રસન્ન થઈ પુત્રને ઘેર લઈ આવ્યાં.

પિતા લક્ષ્મણ ભટ્ટજીનો વિચાર વલ્લભને કાશીમાં વિદ્યાભ્યાસ કરાવાનો હતો. તેથી પાંચવર્ષની આયુમાં કાશીમાંપિતાએ અક્ષર આરંભ કરાવ્યો.સવંત ૧૫૪૨ ચૈત્રસુદ નોમને રવિવાર તેમનો યજ્ઞોપવીત સંસ્કાર થયો એટલે કે જનોઈ આપવામાં આવી. બાળવલ્લભની લીલા પણ અલૌકિક હતી. તેઓ હંમેશા પ્રભુભક્તિમાં જ મસ્ત રહેતા. બાળકોને ભેગાં કરી ‘‘રામકૃષ્ણ ગોવિંદ’’ ની ધૂન ગવડાવતાં. એક વખત ‘પયોદા’નામની પોતાની ગાય મરવા પડેલી. પિતા લક્ષ્મણભટ્ટજીને તે ગાય ખૂબ વહાલી હતી. સૌ શોકમગ્ન હતા. એવામાં શ્રી બાળવલ્લભ આવી ચડ્યાં અને ‘પયોદા.....એ પયોદા, ઊઠોને’એવી બૂમ પાડી ત્યાં જ મરણની ઘડીઓ ગણતી પયોદા જાણે કશું જ બન્યું ન હોય તેમ ઊભી થઈ ગઈ અને બાળવલ્લભને ચાટવા લાગી.

શ્રી વલ્લભે કાશીમાં વિદ્યાભ્યાસ પૂરો કર્યો અને ગ્રંથોનો આગળ અભ્યાસ કરવા તેઓ પોતાના મોસાળ વિજયનગરમાં ગયા. તે દરમ્યાન પિતા લક્ષ્મણભટ્ટજીને દક્ષિણની તીર્થયાત્રા કરવાની ઈરછા હતી પરંતુ શ્રી વલ્લભ ૧૬ વર્ષના હતા ત્યારે પિતા વૈકુંઠધામ સિધાવ્યા. પિતાની ઈરછા પૂરી કરવી હતી તેથી માતાને લઈને તીર્થયાત્રા કરાવતા કરાવતા જગન્નાથપુરી આવી પહોચ્યા ત્યાંથી ઉજજૈન ગયા. શ્રી મહાપ્રભુજીએ વિજયનગરમાં જ્ઞાન સંપાદન તથા ગ્રંથલેખનનું જ્ઞાન પૂરતા પ્રમાણમાં લીધું હતું. હવે તેમનો વિચાર દેશમાં તીર્થાટન કરવાનો હતો. પોતાના બંને પરમશિષ્યોમિત્રો શ્રી કૃષ્ણદાસમેધન અને દામોદરદાસ હરસાનીને લઈ તેઓ ઉજજૈનથી પંઢરપુર આવ્યા અને ત્યાં ભીમરથી નદીને કાંઠે સૌથી પહેલું ભાગવત પરાયણ કર્યું. આ સ્થાન ’શ્રી મહાપ્રભુજીની પંઢરપુરની બેઠક’ તરીકે પ્રસિદ્ધ છે. શ્રી મહાપ્રભુજીએ ત્રણવાર ભારત પરિક્રમા કરી છે. તે દરમ્યાન તેમણે લેખનકાર્ય તો ચાલુ જ રાખ્યું હતું. તેમની વિદ્વતા એવી હતી કે તેઓ જ્યાં જતાં ત્યાં માનવમેદની એકત્રિત થતી. એમને સંભાળતી અને એમની થઈ રહેતી. ઘણા એમના શરણે આવતા. પ્રભુ તેમનો ઉદ્ધાર કરવાનો પ્રયત્ન કરતા.

શ્રી મહાપ્રભુજીની વય ૩૦ વર્ષની થઈ ત્યારે માતાની ઈરછા થઈ કે શ્રી વલ્લભ લગ્ન કરે. તેથી માતાજીની ઈચ્છાને માન્ય રાખી કાશીના દેવેન ભટ્ટનાં સુપુત્રી શ્રીમહાલક્ષ્મી સાથે મહાપ્રભુજી લગ્ન કર્યા લગ્ન પછી મહાપ્રભુને બે પુત્ર અવતર્યા, શ્રી વલ્લભ જ્યાં ત્યાં વેદ,શાસ્ત્ર,જ્ઞાન અને ધર્મને લગતા વાદ વિવાદમાં ભલભલા પંડિતોને પરાસ્ત કરતાં. પોતાની પ્રથમ ભારત પરિક્રમા વખતે જગન્નાથપુરીમાં શ્રેષ્ઠ મંત્ર, શાસ્ત્ર,દેવ અને કર્મ કયું છે એ વાદ-વિવાદનું સમાધાન કરતાં તેમનો સર્વત્ર જય જયકાર થયો. બીજી ભારત પરિક્રમા વખતે બુંદેલ ખંડથી ગુજરાત આવી તેમણે ભાગવત પારાયણો કર્યા. ગુજરાતમાં તેમને અનેક પ્રિય શિષ્યો મળતાં. બુંદેલખંડમાં ઘટસરસ્વતી નામના વિદ્ધવાને પરાસ્ત કર્યો તેથી તેમનો કનક અભિષેક કરાયો. દક્ષિણ ભારતમાં તુંગભદ્રાને કિનારે વિજયનગરમાં ૨૭ દિવસની ચર્ચાને અંતે એકપણ સંપ્રદાય નહિ પરંતુ શુદ્ધ અદ્વૈત સત્ય છે એવું ચરિતાર્થ કર્યું અને તેમનો કનકથી એટલે કે સોનાથી અભિષેક થયો પરંતુ પ્રભુને સંપત્તિ કે સુવર્ણની લાલસા નહોતી તેથી બધું જ દ્રવ્ય તેઓ પંડિતોને વહેંચી દેતા. તેથી જ તો વિજયનગરમાં સમર્થ પંડિત ઉતરાધિકારી તરીકેની મધ્યસંપ્રદાયની ગાદી સ્વીકારવા કહ્યું તો મહાપ્રભુએ તેનો પણ અસ્વીકાર કર્યો. ત્રીજી પરિક્રમા વખતે વિજયનગરથી નીકળી રામેશ્વર, પંઢરપુર, નાસિક,ગુજરાત,સૌરાષ્ટ્ર,મારવાડ તથા ઝારખંડ વિહાર કર્યો, ભાગવત પારાયણો કર્યાં, સૌને સદઉપદેશ આપ્યો. શરણે લીધા. ઝારખંડ હતા ત્યાં તેમને પોતાના ગુરૂશ્રી માધવેન્દ્ર શ્રીજી ચરણ પામ્યાનો સંદેશ મળ્યો તેથી તેઓશ્રી વ્રજ પધાર્યા.

સવંત ૧૫૪૯ શ્રાવણસુદ અગિયારસ ગુરૂવારે ગોકુળમાં યમુના કિનારે ગીવિંદઘાટ પર આરામ કરતા હતા ત્યારે ભગવાને સ્વયં પ્રગટ થઈ દર્શન દીધા તો વલ્લભાચાર્યે પ્રભુને પવિત્રા (લાલ,લીલા એવા રેશમી દૌરના હાર) ધરાવ્યા ત્યારથી આ દિવસ ’પવિત્ર એકાદશી’ નામે પ્રસિદ્ધ થયો.

બારસના દિવસે પોતાના પ્રિય શિષ્યને દીક્ષા આપી, સર્વને પોતાની પુત્ર પરંપરામાં દીક્ષા દેવાનો અધિકાર આપ્યો. દીક્ષાથી ભક્ત ‘‘વૈષ્ણવી’’ કહેવાય. ગોવર્ધન પર્વત પર ગોવર્ધન ધરણનું પ્રાકટ્ય થયું. અને શ્રી મહાપ્રભુજીએ પ્રભુનું વહાલસોયું નામ ’શ્રીનાથજી’ જાહેર કર્યું. મહાપ્રભુશ્રીએ ભગવાન શ્રી બાલકૃષ્ણના વિહાર સ્થાન વ્રજભૂમિમાં બારવનોની ભક્તિભાવપૂર્વક પરિક્રમા કરવાનો સંકલ્પ કર્યો. અને પૂર્ણ કર્યો ત્યારથી વૈષ્ણવ સંપ્રદાય માટે ખૂબ મહત્વની સૌથી મોટી દ્વાદશવની એટલે કે લીલી પરિક્રમા કરવાનો રિવાજ શરૂ થઈ ગયો. બહુલાવનમાં મુસ્લિમ શાસક પાસે ગૌ-પૂજા શરૂ કરાવડાવી, મથુરાના સુબા કાજી રૂસ્તમ અલીએ યમુના સ્નાન બંધ કરાવ્યું હતું તે શરૂ કરાવ્યું. બાદશાહ સિકંદર લોદીને મહાપ્રભુજી પ્રત્યે ખૂબ આદરમાન ઉપજ્યું હતું તેથી તેમણે ત્યારના પ્રખ્યાત ચિત્રકાર હોનહાર પાસે શ્રી મહાપ્રભુજીનું ચિત્ર દોરાવ્યું જેની એક નકલ કિસનગઢ અને એક નકલ કાંકરોલીમાં રખાઈ છે.વ્રજમાં શ્રીકૃષ્ણ ભક્તકવિ અંધસુરદાસ તથા શ્રીકૃષ્ણ ચૈતન્ય સાથે મેળાપ કરી. પ્રભુજી અડેલ ગામ આવ્યા. અડેલથી ગોવર્ધન ત્યાંથી કનારે નામની નગરી અને ત્યાંથી ગોકુળ પધાર્યા. આ બધાં સમય દરમ્યાન તેમનું લેખનકાર્ય ચાલું જ હતું. ત્યાં જ સંવત ૧૫૮૭ વૈશાખમાં તેમને આજ્ઞા થઈ કે પ્રભુ બોલાવી રહ્યા છે. અને હવે આ દેહ છોડવાનો સમય આવી ગયો છે. તેથી તેઓશ્રી હનુમાનઘાટ ઉપર ગંગાજીને કિનારે આવી પહોંચ્યાં, અને મૌન ધરણ કર્યું. ભૌતિક દેહ છોડવાની અંતિમપળોએ પોતાના બંને પુત્રોના કહેવાથી મૌનવ્રત પણ સચવાય અને ઉપદેશ પણ અપાય એ રીતે વચનો કહ્યાં. ઉપદેશ આપ્યો, અને કહ્યું કે ભગવાનના માર્ગમાંથી વિચલિત થશો તો કાળના પ્રવાહમાં રહેલ દેહ, મન વગેરેનો મોહ તમને ખાઈ જશે. તેથી સંપૂર્ણ સમર્પણભાવથી ગોપીશ્વર કૃષ્ણની સેવા કરો. કેમકે કૃષ્ણની જ બલિહારી છે, તે જ બધું પાર પાડે છે. શ્રી મહાપ્રભુના આ ઉપદેશ સમયે સક્ષાત શ્રીનાથજીએ પ્રગટ થઈ અને અભયવચન આપ્યું કે જો તને મારામાં, ગોપીજન વલ્લભમાં વિશ્વાસ હોય તો તું કૃતાર્થ થઈ જ ગયો છે. તારે હવે કઈ જ વિચારવાનું રહેતું નથી. જે મને ભજશે તેને હું સાંભળીશ. મહાપ્રભુએ મૃત્યકાળે જે ઉપદેશ આપ્યોતે વચનો ‘શિક્ષાશ્લોકા’ અને ‘અંતિમ વસિયતનામુ’ તરીકે જાણીતા છે.


સંવત ૧૫૮૭ ની અષાઢસુદ બીજ-ત્રીજની પાવન તિથિએ રથયાત્રાના સમાપનની સાથે મહાપ્રભુજીએ જલસમાધી લીધી. જલસમાધીની સાથે જ એ જ્યોતિ પરજ્યોતિમાં જઈને ભળી ગઈ।

ઈ.પૂર્વે છઠ્ઠી સદીથી પણ પહેલાથી પ્રજા વિષ્ણુપૂજામાં માનતી. મધ્યકાળમાં વૈષ્ણવધર્મનો પ્રચાર કરવામાંરામાનુજાચાર્યાજી, વિષ્ણુ સ્વામીજી. નિમ્બાકજી અને મધ્યાચાર્યજીએ ઘણો શ્રમ લીધો હતો. આ ઉજજવળ પરંપરામાં શ્રીમદ વલ્લભાચાર્યજીએ શ્રીમદ ભાગવત સાથે ઉમેરો કર્યો. તેમણે પુષ્ટિમાર્ગનો મહિમા સમજાવ્યો. પ્રજાને પ્રભુભક્તિમાં લીન કરી, તેને ગુરુકૃપાથી વશ કંઠમાં (ડોકમાં)પવિત્ર તુલસીમાળા ધારણ કરી, ઉધ્વપુંડ તિલક કર્યું, તેઓએ આજ્ઞા કરી હતી કે ચાર જયંતી અને એકાદશીના વ્રત કરવા, ભાગવત ધર્મનું આચરણ કરવું. ભગવલીલાનું શ્રવણ કરવું. જેમાં શ્રી હરિ ન હોય તેનો ત્યાગ કરવો. પ્રભુસેવા કરવી,ગરીબો પર દયા રાખવી, નીતિ અને નમ્રતાથી રહેવું, ઈન્દ્રિયોને કાબુમાં રાખવી મહાપ્રભુજીએ પોતાના નિર્મળ ધર્મજ્ઞાનથી સેંકડો શિષ્યો બનાવ્યા, પ્રજાનો ઉદ્ધાર કર્યો, કલ્યાણ માર્ગે વાળી.

તેમણે પુષ્ટિમાર્ગમાં ’હવેલીસંગીત’ ને આગવું સ્થાન અપાવ્યું કેમકે પ્રભુસેવામાં સંગીતનું વિશિષ્ટ સ્થાન છે. આમાર્ગમાં અનુયાયીઓને ’શ્રીકૃષ્ણ શરણમ મમ’ અને ’બ્રહ્મસંબંધ’ નો મંત્ર આપવામાં આવે છે. આચાર્યશ્રીએ અનેકગ્રંથો લખ્યા છેજેમાં ’શ્રીમદ ભાગવતની ટીકા સુબોધિની’ અને ’ષોડશગ્રંથો’ ખૂબ પ્રસિદ્ધ છે. મહાપ્રભુજીએ અનેકોને દીક્ષા આપી હતી. તેમના શિષ્યવૃંદમાં ૮૪ મહાનુભાવો વૈષ્ણવસંપ્રદાયમાં ખૂબ જાણીતા છે અને તેમનાં ચરિત્રો શ્રધાભાવથી ભરપૂર છે.

- સરસ્વતી સ્કુલ

## જૂનાગઢ બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનો ૧૮મો પાટોત્સવ









(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢનાં આંગણે ગઈકાલે વિપુલ સંખ્યામાં મહાનુભાવો હરિભક્તોની ઉપસ્થિતિમાં બી.એ.પી.એસ સ્વામિનારાયણ મંદિરનો ૧૮મો પાટોત્સવ ખૂબ જ ધામધૂમ પૂર્વક ઉજવાઈ ગયો હતો. મંગળ પ્રભાતે સંતો ભકતો દ્વારા મંદિરમાં ભગવાનની મૂર્તિઓને વેદોક્ત વિધિપૂર્વક જલાભિષેક કરવામાં આવ્યો હતો ત્યારબાદ સાંજે સંતો દ્વારા વેદોક્ત મહાપૂજન વિધિનો પ્રારંભ થયો હતો જેમાં મહાનુભાવો હરિભક્તોએ યજમાન પદે શ્રદ્ધાપૂર્વક લાભ લીધો હતો અને સભામાં સંતોના આશીર્વચન પ્રાપ્ત કર્યા હતા.

આ પાટોત્સવ નિમિત્તે મંદિર ખાતે પંચ દિવસીય સંત પારાયણનો અવસર ચાલી રહ્યો છે. જેમાં સારંગપુરથી પધારેલા વરિષ્ઠ સંત પૂજ્ય અક્ષરચરણ સ્વામીએ બે દિવસ ‘‘ગુરૂ પરંપરાની મહત્તા’’ ઉપર પારાયણ લાભ આપ્યો હતો તથા બાકીના ત્રણ દિવસ સારંગપુરના વિદ્વાન સંત પૂજ્ય અક્ષરનયન સ્વામી ‘‘મંદિરોની મહત્તા’’ ઉપર પારાયણ લાભ આપી રહ્યા છે.

## જૂનાગઢની માધવ ક્રેડીટ કો.ઓ. સોસાયટીના શેર હોલ્ડરોને અવશ્ય મતદાન કરવા અપીલ કરતા પ્રો. પી.બી. ઉનડકટ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

આગામી તા.૭મી મેના રોજ લોકસભાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે જૂનાગઢની માધવ ક્રેડીટ કો.ઓ. સોસાયટીના ચેરમેન પ્રો. પી.બી. ઉનડકટ દ્વારા સંસ્થાના શેર હોલ્ડરોને મતદાન કરવા અપીલ કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. આગામી તા.૭મી મેના રોજ લોકશાહીના પર્વ એટલે કે જૂનાગઢ લોકસભાની બેઠકની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે લોકશાહીના પર્વને ગૌરવ સાથે ઉજવી અને હું અવશ્ય મતદાન કરીશ તેવા સંકલ્પ સાથે માધવ કો.ઓ. સોસાયટીના ૬ હજાર શેર હોલ્ડરોને સંસ્થા વતી માધવ ક્રેડીટ કો.ઓ. સોસાયટીના ચેરમેન પ્રો.



બી.પી. ઉનડકટે અપીલ કરી છે અને તેને આવકારવામાં આવી છે. આ સાથે માધવ કો.ઓ. સોસાયટીના શેર હોલ્ડરો ૧૦૦ ટકા મતદાન કરી અને લોકશાહીના પર્વને ઉજવશે તેમ એક યાદીમાં જણાવેલ છે.

## સૌરાષ્ટ્ર ભૂમી દૈનિકના માંગરોળના પત્રકાર-જ્યોતિષ નિલેશ રાજપરાનો આવતીકાલે જન્મ દિવસ



માંગરોળ તા.૪

માંગરોળના નિલેશ રાજપરા કે જેઓ સૌરાષ્ટ્ર ભુમી, તેમજ સૌરાષ્ટ્ર હેડ લાઈન દૈનિક ના રિપોર્ટર છે સંજીવની નેચર ફાઉન્ડેશન ગુજરાત પ્રદેશ ઉપપ્રમુખ, હ્યુમનરાઈટ એસોસિએશન માંગરોલ ઉપપ્રમુખ, જાયન્ટ ઈન્ટરનેશનલ ગૃપ માંગરોલ પુર્વ પ્રમુખ માંગરોલ પત્રકાર સંઘ સહિત અનેકવિધ સામાજીક, સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયેલ છે અને જ્યોતિષ શાસ્ત્ર મા ખુબજ પ્રસિદ્ધ થયેલ છે સૌરાષ્ટ્ર ભુમી દૈનિક તેમને હાર્દિક શુભ કામના પાઠવે છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : જૂનાગઢ નિવાસી ગુર્જર સુથાર નાથાભાઈ દેવશીભાઈ સોનીગરા(ઉ. વ. ૯૦) તા.૩-૫-૨૦૨૪ને શુક્રવારના રોજ શ્રીજી ચરણ પામેલા છે. તે મહેશભાઈને પિતા તથા મયુરભાઈ, ધીરજભાઈ, હરસુખભાઈ, ચુનીભાઈ અને અમુભાઈના કાકા તથા રાજેશભાઈ અને પ્રફુલભાઈના મોટા બાપુજી, ભાવેશભાઈના નાના થાય, સદગતનું બેસણું તા.૬-૫-૨૦૨૪ને સોમવારે સાંજે ૪ થી ૬ શુભેશ્વર મંદિર, ખલીલપુર રોડ, જૂનાગઢ ખાતે રાખેલ છે.

## જૂનાગઢના અમૃતલાલ સાંકળીયાનું અવસાન : સોમવારે પ્રાર્થનાસભા - બેસણું



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૪

મુળ ભાખરવડ હાલ જૂનાગઢ નિવાસી રાજગોર બ્રાહ્મણ જ્ઞાતિના પીઢ અગ્રણી અમૃતલાલ અરજણભાઈ સાંકળીયા(ઉ.વ.૮૫) તે વૃજલાલભાઈના મોટાભાઈ તથા દિપકભાઈ, હંસાબેન, નીલુબેનના પિતા અને અર્પિત, ઉદીતના દાદાનું તા.૩ના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૬ને સોમવારના રોજ સાંજે પથી ૭ ખાંટ સમાજની વાડી, આદિત્યેશ્વર મંદિરની બાજુમાં, નંદનવન રોડ, જોષીપરા, જૂનાગઢ ખાતે રાખેલ છે.

## કેશોદમાં ભાજપના ઉમેદવારનો રોડ શો અનુપમા ફેઈમ રૂપા ગાંગુલીની હાજરીમાં યોજાયો

(કમલેષ જોષી દ્વારા)

કેશોદ તા.૪

પોરબંદર લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયાનો ચુંટણીના આખરી તબક્કામાં કેશોદ વિધાનસભા મત વિસ્તારમાં અનુપમા સિરીયલની નાયિકા રૂપા ગાંગુલીની હાજરીમાં યોજાયો હતો. કેશોદના અગતરાય રોડ પરથી શરૂ થયેલાં રોડ શો માં સાંસદ રમેશભાઈ ધડુક. ધારાસભ્ય દેવાભાઈ માલમ. ભગાભાઈ બારડ. જીલ્લા ભાજપના પ્રમુખ કિરીટભાઈ પટેલ. સાવજ ડેરીના ચેરમેન દિનેશભાઈ ખટારીયા. માજી ધારાસભ્ય અરવિંદભાઈ લાડાણી સહિતના આગેવાનો પદાધિકારીઓ કાર્યકરો જોડાયાં હતાં.

લોકસભાની ચૂંટણીમાં મતદાન આડે બે દિવસ બાકી છે ત્યારે ચુંટણી જાહેર થઈ ત્યારથી આજ સુધી માહોલમાં નિરસતા નજરે પડે છે કેશોદના મુખ્ય માર્ગો પરથી કેન્દ્રીય મંત્રી અને ભાજપના ઉમેદવાર મનસુખભાઈ માંડવીયાનો કાફલો પસાર થતાં જુદાં જુદાં ચોક વિસ્તારમાં પસાર થતાં વિવિધ જ્ઞાતિના આગેવાનો વેપારી સંગઠનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કેશોદના બહેનો અનુપમા ફેઈમ રૂપા ગાંગુલી સાથે હાથ મિલાવી ફોટાઓ પડતા નજરે પડયાં હતા ત્યારે ચોક વિસ્તારમાં કે રોડ પર અનુપમા ફેઈમ રૂપા ગાંગુલી ને જોવા ઉભેલા લોકોને આગેવાનો ભાજપના ખેસ પહેરાવતા નજરે ચડયા હતાં. ઉનાળામાં



ધોમધખતા તડકામાં આજીવિકા રળવા લારીઓ વાળા પથારા વાળાઓને ભાજપની છત્રીઓ આપવામાં આવતાં ઠેર ઠેર છત્રીઓ નજરે પડતી હતી.કેશોદ ખાતે યોજાયેલા રોડ શો માં મોટી સંખ્યામા લોકોની હાજરી જોવા મળી હતી રૂપા ગાંગુલીને નિહાળવા અને તક મળે તો ફોટો પડાવવા પડા પડી થતી હતી. કેશોદ વિસ્તારમાં સંખ્યાબંધ કોગ્રેસના આગેવાનો પદાધિકારીઓ અને હોદેદારો ભાજપમાં જોડાયા છે કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી. સી. ઠકકર પોલીસ ઈન્સપેકટર અનિરુદ્ધસિંહ ગોહિલ સહિત પોલીસ સ્ટાફ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## રાજકોટ કલેકટર કચેરી ખાતે મેજિક રંગોળી પ્રદર્શનને ખુલ્લુ મુક્તા કલેક્ટર પ્રભવ જોશી



રાજકોટ તા.૪

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ સિસ્ટેમેટીક વોટર્સ એજ્યૂકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્ન આઉટ ઈમ્પ્લિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત મતદારોને જાગૃત કરવા હાલ જિલ્લામાં વિવિધ સમૂહ કાર્યક્રમો યોજાઈ રહ્યાં છે. જે અન્વયે કલેકટર કચેરી ખાતે મતદાન પ્રેરિત રંગોળી દ્વારા મતદાર જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો. કલેક્ટર શ્રી પ્રભવ જોશીના હસ્તે કલેક્ટર કચેરી ખાતે રંગોળી કલાકાર શ્રી પ્રદીપભાઈ દવે દ્વારા વક્રીભવનના વિજ્ઞાનનો પ્રયોગ કરીને બનાવવામાં આવેલી પાણીમાં તરતી મેજિક રંગોળીના પ્રદર્શનને દીપ પ્રાગટ્ય કરી ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. આ મેજિક રંગોળી કલેક્ટર કચેરી ખાતે તા.૦૭ મે ’મતદાન દિવસ’ સુધી પ્રદર્શિત કરવામાં આવશે. સાથે જ વિવિધ ગ્રામ્ય વિસ્તારોની સખી મંડળની બહેનો દ્વારા કલેક્ટર કચેરી ખાતે વિશાળ રંગોળીનું નિર્માણ કરી મતદારોને પ્રેરિત કરવામાં આવ્યા હતા. કલેકટરશ્રીએ બંને રંગોળીની પ્રશંસા કરી,તેમના કલાકારોને બિરદાવ્યા હતા. વધુમાં રાજકોટ તાલુકાના નેશનલ રૂરલ લાઈવલી હુડ મિશનના આસિસ્ટન્ટ પ્રોજેક્ટ મેનેજરશ્રી તૃપ્તિબેન ટાંકએ જણાવ્યું હતું કે, સ્વીપ નોડલ ઓફિસરશ્રી જિજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શનમાં તાલુકા સેવા સદન જસદણ, રાજકોટ પૂર્વમાં ગવર્મેન્ટ ફાર્મસી કોલેજ, તાલુકા સેવાસદન ધોરાજી, માતૃશ્રી વીરબાઈમાં મહિલા કોલેજ, ગૌરીદડ, છાપરા, કસ્તુરબાધામ, પીપળીયા, માલિયાસણ, ખારચીયા સહીતના ગામોમાંથી સખીમંડળની અંદાજે ૨૫ બહેનોએ જિલ્લા કલેકટર કચેરી, જૂની કલેકટર કચેરી, બહુમાળી ભવન ચોક અને જિલ્લા પંચાયત કચેરી ખાતે રંગોળી કરીને મતદાનના મહત્વને ઉજાગર કર્યું છે. ત્યારે આ બહેનોએ મતદાન જાગૃતિ અભિયાનમાં પોતાનામાં રહેલી કળાનું યોગદાન આપી શકવા બદલ ઉત્સાહ વ્યક્ત કર્યો હતો. કલેકટર કચેરી ખાતે આ કાર્યક્રમમાં અધિક નિવાસી કલેકટર ચેતન ગાંધી, અધિક ચૂંટણી અધિકારી એન.કે.મુછાર, પુરવઠા અધિકારી રાજેશ્રી વંગવાણી, સ્વીપના નોડલ જિજ્ઞાસાબેન ગઢવી, એમસી એમસી નોડલ અધિકારી સોનલબેન જોષીપુરા, મામલતદાર દવે તથા નાયબ મામલતદાર પ્રીતિબેન વ્યાસ તેમજ કલેક્ટર કચેરીના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સગાઈ થતી ન હોય માળીયા પંથકનાં યુવાનનો આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા. ૪

જૂનાગઢ જીલ્લાનાં માળીયા હાટીના તાલુકાનાં કાત્રાસા ગામે રહેતા ભાવેશકુમાર દાનાભાઈ ડોડીયા (ઉ.વ. ૩૩) નામના યુવાનની સગાઈ થતી ન હોવાથી તે બાબતનું તેને લાગી આવતાં પોતે પોતાનાં ઘરે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ બનાવની જાણ થતાં માળીયા પોલીસે દોડી જઈને યુવાનનાં મૃતદેહનો પીએમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ જીલ્લામાં મતદાનના દિવસે 'હિટવેવ'ની સ્થિતિને ધ્યાને લઈ તંત્ર દ્વારા તકેદારીના પગલા

## જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ ૧૩૩૫ બુથ ઉપર આગવી વ્યવસ્થા ગોઠવાઈ






(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જૂનાગઢ લોકસભાની બેઠક માટેની ચૂંટણી આગામી તા.૭ મેના રોજ યોજાઈ રહી છે. જયારે આ દિવસે તાપમાન ૪૨ ડિગ્રી સુધી પહોંચવાની આગાહીને પગલે હિટવેવ જેવી સ્થિતિ સર્જાવાની છે ત્યારે તેને લઈને આગોતરૂ આયોજન કરવામાં આવેલ છે. તેમજ લોકશાહીના પર્વ દરમ્યાન ૧૦૦ ટકા મતદાન થાય તેવા પ્રયાસો વચ્ચે સખ્ત ગરમી વચ્ચે પણ લોકો મતદાન કરી શકે તેવી સુદ્રઢ વ્યવસ્થા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવી છે. પ્રાપ્ત વિગત અનુસાર, લોકસભાની ચૂંટણી ૨૦૨૪ને લઈને જૂનાગઢ જીલ્લા કલેકટર અને જીલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ ૧૩૩૫ બુથ ઉપર આગામી તા.૭ મેના રોજ સવારે ૭ થી ૬ સમયગાળા દરમ્યાન મતદાન થવાનું છે ત્યારે હિટવેવને ધ્યાને લઈ તમામ બુથ ઉપર ચૂંટણી તંત્ર દ્વારા તૈયારી કરવામાં આવી છે. જેમાં પાણી, ઓઆરએસના પેકેટ, મેડીકલ ટીમ, એમ્બ્યુલન્સ, હેલ્થ સ્ટાફ સહિતની તૈયારી કરવામાં આવી છે. જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાતમાં હાલ ઉનાળો આકરો બની અને વરસી રહ્યો છે. સૌરાષ્ટ્રના અનેક શહેરોમાં તાપમાનનો પારો ૪૦ થી ૪૨ ડીગ્રીને પાર રહે છે અને જેને લઈને સમગ્ર ગુજરાતમાં અવકાશમાંથી અગન વર્ષા થઈ રહી છે ત્યારે હિટવેવની સ્થિતિનું નિર્માણ થયું છે. ગરમીનો પારો ઉંચકાતો હોય છે અને ભેજનું પ્રમાણ ઘટી જતું હોય છે. આવી સ્થિતિમાં ગરમીનું પ્રમાણ અતિશય આક્રમણકારી રહેવાને પગલે જનજીવન પ્રભાવિત બન્યું છે. સોરઠ પંથકમાં પણ ઘણા દિવસો અસામાન્ય તાપમાન રહેવાને કારણે લોકો ગરમીથી અકળાયા છે અને ત્રાહીમામ પોકારી ઉઠયા છે. વિશેષમાં જૂનાગઢ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોથી સુર્યદેવ કોપાયમાન થયા હોય તેમ તાપમાનનો પારો ૪૧ ડીગ્રી રહેવા પામ્યો છે. અસહ્ય અને કાળઝાળ ગરમીના લીધે દવાખાનાઓમાં ઝાડા, ઉલ્ટીના કેસોમાં પણ ધરખમ વધારો જોવા મળ્યો છે. લોકોના પરસેવા છુટી જવાના લીધે શરીરમાં પાણીનું પ્રમાણ ઓછું થતા ચક્કર આવવા, નબળાઈ, આખે અંધારા આવવા, બોડી ડી હાઈડ્રેટ થઈ જવાની ફરિયાદો વધુ જોવા મળી રહી છે. ગરમીનો પારો ઉચકાતા તડકાથી રાહત મેળવવા અને સ્વાસ્થ જાળવી રાખવા માટે લોકોએ બપોરના સમયે ઘરની બહાર નિકળવાનું ટાળતા જોવા મળી રહ્યા છે. જેના પરિણામે લોકોની અવર-જવરથી ધમધમતા રસ્તાઓ હાલ સુમસામ બન્યા છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના હવામાન વિભાગના ધીંમત વઘાસીયાના જણાવ્યાનું સાર ગરમીની વાત કરવામાં આવે તો છેલ્લા ૩૦ વર્ષમાં ૨૦૧૮ અને ૨૦૨૦માં મે મહિનામાં ગરમીનો પારો સતત ૨૫ દિવસ સુધી ૪૦ ડીગ્રીને પાર રહેવા પામ્યો હતો. આ બે વર્ષ દરમ્યાન ઉનાળો આકરા પાણીએ રહેવા પામ્યો હતો. ત્યારે હાલ વર્ષ ૨૦૨૪ના મે મહિનાની વાત કરવામાં આવે તો છેલ્લા કેટલાક દિવસથી તાપમાનનો પારો ૪૧ થી ૪૨ ડીગ્રી આસપાસ રહેવા પામ્યો છે. તેમજ આગામી તા.૭ મે બાદ તાપમાનનો પારો ફરીથી ઉચકાશે તેવી આગાહી કરવામાં આવી છે. મતદાનના દિવસે જ તાપમાનનો પારો ૪૨ ડીગ્રીની આસપાસ રહેવાની શકયતાને પગલે જીલ્લા કલેકટર અને ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવાસીયાના માર્ગદર્શન હેઠળ જીલ્લામાં આવેલા ૧૩૩૫ બુથ ઉપર મેડિકલ ટીમ સહિતની વ્યવસ્થા તૈનાત કરવામાં આવી રહી છે.

# જૂનાગઢમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજીના ૫૪૭માં પ્રાગટય મહોત્સવ દિન નિમિતે આજે ધર્મસભા, પ્રવચન, નૃત્ય, રાસ સહિતના કાર્યક્રમો યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

પુષ્ટી સંપ્રદાયના અધિષ્ઠાતા મહાપ્રભુ વલ્લભાચાર્યજીના ૫૪૭માં પ્રાગટય મહોત્સવની જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રભરમાં ઉત્સાહમય ઉજવણી કરવામાં આવી રહી છે અને જુદા -જુદા કાર્યક્રમોનું આયોજન કરાયું છે. જૂનાગઢ શહેરમાં પણ વૈષ્ણવોમાં મહાપ્રભુજીના પ્રાગટય દિનને લઈને ભારે ઉત્સાહ પ્રવર્તી રહ્યો છે. જૂનાગઢમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજીના ૫૪૭માં પ્રાગટય મહોત્સવ અંતર્ગત મોટી હવેલી ખાતે તા.૩ થી ૫ ત્રણ દિવસ દરમ્યાન પદયાત્રા, નાટીકા, ધર્મ સભા, નૃત્ય, રાસ, પાઠશાળાના બાળકોના વકતવ્ય સહિતના વિવિધ કાર્યક્રમ દ્વારા મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જૂનાગઢમાં મહાપ્રભુ વલ્લભાચાર્યજીના પ્રાગટય મહોત્સવ અંતર્ગત મોટી હવેલી ઉત્સવ સમિતિ દ્વારા મોટી હવેલી ખાતે તા.૩ થી ૫ ત્રણ દિવસ સુધી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. કાર્યક્રમના પ્રથમ દિવસે ગઈકાલે શુક્રવારે વહેલી સવારે મોટી હવેલીથી દામોદર કુંડ મહાપ્રભુજીની બેઠક સુધી પદયાત્રા યોજાઈ હતી. તેમજ સાંજે મોટી હવેલીના ગોસ્વામી પિયુષબાવાના વકતવ્ય, રાત્રે પુષ્ટી સંસ્કાર સખી પરિવાર દ્વારા નાટીકા અને કિર્તનના કાર્યક્રમો યોજાયા હતા. જયારે આજે શનિવારે સવારે ધર્મ સભા, યોજાઈ હતી. તેમજ સાંજે પ્રવચન, પુષ્ટી સંસ્કાર સખી પરિવાર યુથ વિંગ દ્વારા નૃત્ય ત્યારબાદ રાસનો કાર્યક્રમ યોજાશે. મહોત્સવના અંતિમ દિવસે એટલે કે આવતીકાલે રવીવારે સાંજે પુષ્ટી સંસ્કાર શાળાના બાળકો દ્વારા નૃત્ય, વકતવ્ય પ્રદર્શિત કરાશે. ત્યારબાદ વલ્લભીય યુવા સંગઠન દ્વારા જ્ઞાનવર્ધક પુષ્ટી પ્રશ્ન મંચ કિવઝનું આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો ઉમટી પડયા છે અને ત્રિદિવસીય કાર્યક્રમને લઈ મોટી હવેલી ઉત્સવ સમિતિ દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.




'સેલ્ફી With Blue Tick' અભિયાન

# વોટ કરો... કલેકટર તમારી સેલ્ફી સોશિયલ મીડિયામાં કરશે પોસ્ટ

**જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાની મતદારોને મતદાન કરવા પ્રોત્સાહિત કરવા વધુ એક પહેલ : લોકશાહીના મહાપર્વમાં તા.૭મી મે એ સહ પરિવાર- મિત્ર વર્તુળ સાથે મતદાન કરવા કલેકટરનો અનુરોધ : તા.૭મી મે એ બ્લ્યુ ટીક સાથેની તમારી સેલ્ફી-તસવીર વોટ્સએપ નં. ૯૦૨૩૦૦૫૬૦૦ પર મોકલવાનું ચૂકશો નહીં**

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૪

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયા પોતાના આધિકારિક સોશિયલ મીડિયા એકાઉન્ટ ઉપરથી તમારી સેલ્ફી - તસવીર શેયર કરશે. આ માટે માત્ર તમારે તા.૭મી મે એ ચૂક્યા વગર ૧૫-૨૦ મિનિટનો સમય ફાળવી મતદાન કરવાનું રહેશે. કલેકટર કહે છે કે, લોકશાહીના મહાપર્વને પણ અન્ય તહેવારો-પ્રસંગોની જેમ આનંદ-ઉલ્લાસ સાથે ઉજવાય તે દેશની લોકશાહી માટે જરૂરી છે. આપણે વાર-પ્રસંગોને યાદગીરીરૂપે સાચવી રાખવા માટે તસવીરો જરૂર લેતા હોય છીએ. ત્યારે આપણા પરિવારજનો કે, મિત્ર વર્તુળ સાથે મતદાન કરી લોકશાહીના આ પર્વને પણ આપણે યાદગાર બનાવીએ. ત્યારે આ માટે ખાસ જિલ્લા ચૂંટણી તંત્રએ સેલ્ફી **With Blue Tick** અભિયાન શરૂ કર્યું છે. જેમાં તા.૭મી મે એ મતદાન કરીને બ્લ્યુ ટીક દર્શાવીને સેલ્ફી-તસવીર એક વોટ્સ એપ નંબર ઉપર મોકલવાની રહેશે. જેના માટેનો વોટ્સએપ નં. ૯૦૨૩૦૦૫૬૦૦ છે. આમ, મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહન મળી રહે તે માટે આ વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ સેલ્ફી તસવીર પરિવારજનો કે મિત્ર વર્તુળ સાથે મતદાન કરીને મોકલવાની રહેશે. પરંતુ એવું પણ નથી કે, માત્ર સમુહમાં લીધેલ તસવીર -સેલ્ફી મોકલવી, વ્યક્તિગત રીતે પણ સેલ્ફી મોકલી શકાશે. કલેકટર જણાવે છે કે, મતદાન મથક અંદર મોબાઈલ લઈ જવો પ્રતિબંધિત છે, એટલે મતદાન મથકની બહાર આવી સેલ્ફી તસવીર લેવાની રહેશે. આ માટે જરૂરી કાળજી લેવા અનુરોધ કર્યો છે. આમ, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રીએ મતદારોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા વધુ એક નવીન પહેલ કરી છે.

# ભેંસાણ પંથકમાં બહેન સાથેના ઝઘડાનું મનદુઃખ રાખી બનેવી ઉપર છરી વડે હુમલો : પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૪

ભેંસાણ પંથકમાં બહેન સાથેના ઝઘડાનું મનદુઃખ રાખી બનેવી ઉપર સાળાએ છરી વડે હુમલો કર્યાની અને પુત્રવધુને સસરા, દિયર, કાકાજી સસરાએ માર માર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર ભેસાણ તાલકુાના બામણગઢ ગામના નવનીત ભનુભાઈ પરમારને તેની પત્ની સાથે અગાઉ ઝઘડો થયો હોય તે બાબતનું મનદુઃખ રાખી સાળો પ્રદીપ રવજીભાઈ સોલંકીએ જગાભાઈ મનાભાઈ પરમાર સાથે બાઈક ઉપર આવી નવનીત ઉપર છરી તથા લાકડી વડે ધમકી આપી હતી. સામાપક્ષે નવનીતની પત્ની જલ્પાએ તેના સસરા ભુનભાઈ, દિયર રોહિત અને કાકાજી સસરા હમીરભાઈ ચકુભાઈ પરમારે પતિ, દિયર મજાક કરતા હોય જેથી ઉશ્કેરાઈ જઈને માર મારી રૂમમાં પુરી દીધી હતી. આ બે મારામારી અંગે પોલીસે પતિ, પત્નીની ફરિયાદ નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

